**લેબર કોર્ટ, વડોદરાના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી જે. ડી. સિંધી સાહેબ સમક્ષ**

**આંક : ૩૫**

**રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૯૮૯/૨૦૧૦**

**પ્રથમ પક્ષકાર ::** **મેનેજરશ્રી,**
આઈ.પી.સી.એલ. (હાલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ)
પો. પેટ્રોકેમિકલ્સ, તા. જી. વડોદરા.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર ::** **મૈયત મેલસીંગ પુજાભાઈ જાદવ ના વારસદારો**
(આંક–૨૩ હેઠળ થયેલ હુકમ મુજબ)
**૧. વિમલાબેન મેલસીંગ જાદવ**
**૨. મહેન્દ્રસિંહ મેલસીંગ જાદવ**
તમામ રહે. મુ.પો. અનગઢ, તા.જી.વડોદરા.
૯/૦, પ્રકાશભાઈ આર. ઠકકર (એડવોકેટ),
૧૪/એ, ધાયબર કોલોની, બરોડા સ્કુલ પાસે,
પોલો ગ્રાઉન્ડ સામે, વડોદરા.

**રજુઆત :** પ્રથમ પક્ષકાર તરફે **વકીલશ્રી ડી.એમ.શાહ**
બીજા પક્ષકાર તરફે **વકીલશ્રી પી. આર. ઠકકર.**

## :: એ વો ર્ડ ::

(૧) ઉપરોકત રેફરન્સ કેસ અંગે સૌ પ્રથમ અરજદાર ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિઅલ સિવીલ એપ્લિકેશન નંબર : ૨૦૭૨૭/૨૦૦૭ થી વી.આર.એસ. ને ચેલેન્જ કરતી અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરતાં નામદાર ગુજરાત હાઈકોર્ટના તારીખ : ૨૨/૦૮/૨૦૦૭ ના હુકમથી અરજદારોને આઈ. ડી. એકટની જોગવાઈઓ અન્વયે તેઓની ફરીયાદ લેબર કમિશ્નરશ્રી સમક્ષ રજુ કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ હાલના અરજદાર ધ્વારા લેબર કમિશ્નરશ્રી સમક્ષ આઈ. ડી. એકટની કલમ–૧૦(૧) હેઠળ વિવાદ ઉભો કરેલ હતો અને તેમાં મજુર કમિશ્નરશ્રી ધ્વારા ઔધોગિક વિવાદનું અસ્તિત્વ નથી તે રીતે અરજદારની અરજી રદ કરેલ. જે અન્વયે અરજદારોએ નામદાર ગુજરાત હાઈકોર્ટના એલ.પી.એ. નંબર : ૪૧૮/૨૦૦૯ ના તારીખ : ૨૩/૦૮/૨૦૧૦ ના ડિવીઝન બેન્ચના હુકમથી લેબર કમિશ્નરશ્રીના હુકમ સેટએસાઈડ કરી મજુર કમિશ્નરશ્રીને રેફરન્સ મજુર અદાલતને ન્યાયનિર્ણય અર્થે મોકલી આપવા અંગે હુકમ કરેલો.

(૨) આ કામમાં બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ આઈ. ડી. એકટની કલમ–૧૦(૧)(સી) હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી વડોદરા તરફથી હુકમ ક્રમાંક : કે. એચ. / એસ. એચ. / એમ. સી. / ૫ / એ. જે. / ૩૧૭૨૪ તારીખ : ૨૨/૧૦/૨૦૧૦ ના રોજ મજુર અદાલત વડોદરાને ન્યાય નિર્ણય અર્થે બીજા પક્ષકાર શ્રી મેલસીંગ પુજાભાઈ જાદવ ને પડેલા દિવસોના પરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ ? તે મુદૃાના નિર્ણય માટે અત્રેની કોર્ટને રીફર કરવામાં આવેલ છે.

(૩) આ કામમાં પ્રથમ પક્ષકાર કંપનીને ''સામાવાળા'' તેમજ બીજા પક્ષકાર કામદારને ''અરજદાર'' તરીકે હવે પછી સરળતા ખાતર સંબોધવામાં આવશે.

(૪) આ કામે નીચે મુજબની હકીકતો નિંર્વિવાદીત છે.

૪.૧ આ કામે હાલના અરજદારો ધ્વારા સૌ પ્રથમ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિઅલ સિવીલ એપ્લિકેશન નંબર : ૨૦૭૨૭/૨૦૦૭ થી વી.આર.એસ. ને ચેલેન્જ કરતી અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરતાં નામદાર ગુજરાત હાઈકોર્ટના તારીખ : ૨૨/૦૮/૨૦૦૭ ના હુકમથી અરજદારોને આઈ. ડી. એકટની જોગવાઈઓ અન્વયે તેઓની ફરીયાદ લેબર કમિશ્નરશ્રી સમક્ષ રજુ કરવાનો હુકમ કરેલ.

૪.૨ ત્યારબાદ આ કામના અરજદારો ધ્વારા લેબર કમિશ્નરશ્રી સમક્ષ તારીખ : ૦૭/૧૧/૨૦૦૭ ના રોજ એડવોકેટ મારફત આઈ. ડી. એકટની કલમ–૧૦(૧) હેઠળ વિવાદ ઉભો કરતાં મજુર કમિશ્નરશ્રી ધ્વારા તારીખ : ૧૧/૦૪/૨૦૦૮ ના રોજના હુકમથી ઔધોગિક વિવાદ અધિનિયમની કલમ–૧૦(૧) હેઠળ સદરહું રેફરન્સ ન્યાયનિર્ણય માટે મોકલવાનું ઉચિત ન જણાતા ઔધોગિક વિવાદનું અસ્તિત્વ ના હોય તે રીતે અરજદારની ફરીયાદ રદ કરેલી.

૪.૩ આ કામે લેબર કમિશ્નરશ્રી ધ્વારા અરજદારના ઔધોગિક વિવાદનું અસ્તિત્વ નથી એવી રીતે અરજદારની ફરીયાદ રદ કરેલ હોય તેથી લેબર કમિશ્નરશ્રીના હુકમને અરજદાર ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિઅલ સિવીલ એપ્લિકેશન નંબર : ૭૧૦૨/૨૦૦૮ થી ચેલેન્જ કરેલ, જેમાં લેબર કમિશ્નરશ્રીના હુકમને કાયમ રાખવામાં આવેલ. જેથી અરજદારના વકીલશ્રી ધ્વારા સદરહું હુકમને એલ.પી.એ. નંબર : ૪૧૮/૨૦૦૯ થી ચેલેન્જ કરતાં નામદાર ડીવીઝન બેન્ચના તારીખ : ૨૩/૦૮/૨૦૧૦ ના રોજના હુકમથી લેબર કમિશ્નરશ્રી અને નામદાર હાઈકાર્ટના સિંગલ જજ સાહેબશ્રીના હુકમને સેટએસાઈડ કરી લેબર

કમિશ્નરશ્રીને રેફરન્સ મજુર અદાલતને ન્યાયનિર્ણય માટે મોકલી આપવા અન્વયે હુકમ કરેલો.

૪.૪ ઉપરોકત નામદાર ડિવીઝન બેન્ચના હુકમને સામાવાળા કંપની ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટમાં સ્પેશિઅલ લીવ ટુ અપીલ નંબર : ૨૮૭૧૪–૨૯૧૭૨/૨૦૧૦ થી ચેલેન્જ કરવામાં આવેલ અને ઉપરોકત સ્પેશિઅલ લીવ ટુ અપીલ પરત ખેંચવામાં આવેલ અને તે રીતે અરજદારનો રેફરન્સ આઈ. ડી. એકટની કલમ–૧૦(૧) અન્વયે અત્રેની અદાલતમાં ન્યાયનિર્ણય અર્થે આવેલ છે.

(૫) આ કામે સામાવાળા કંપની ધ્વારા બીજા પક્ષકાર કામદારોએ સંસ્થાની સ્કીમ હેઠળ મેળવેલ નિવૃત્તિના લાભો કંપનીને પાછા આપે તે શરતે રેફરન્સ આગળ ચલાવવાપાત્ર થાય તેવી અરજી આપતા લેબર કોર્ટ ધ્વારા તારીખ : ૨૦/૦૮/૨૦૧૨ ના હુકમથી અરજદારોને તેઓએ વી.એસ.એસ. સ્કીમ મુજબ સ્વીકારેલાં નાણાં (પ્રોવિડન્ડ ફંડની રકમ સિવાય) હુકમની જાણ થયાની તારીખથી ત્રણ મહીનાથી સંસ્થામાં જમા કરાવવાનો હુકમ કરેલો. વધુમાં એુવો હુકમ કરેલો કે, જે કામદારે તેમણે મેળવેલ રકમ હુકમની જાણ થયા બાદ ત્રણ મહીનામાં જમા કરાવવામાં નિષ્ફળ રહેશે તેમનો રેફરન્સ સમય મર્યાદા વિત્યા બાદ આપોઆપ રદ ગણાશે.

૫.૧ જેથી લેબર કોર્ટના ઉપરોકત આંક–૮ ના હુકમથી નારાજ થઈને અરજદાર ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિઅલ સિવીલ એપ્લિકેશન નંબર : ૧૩૯૧૫/૨૦૧૨ દાખલ કરતાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તારીખ : ૧૯/૧૨/૨૦૧૨ ના હુકમથી અરજદારની અરજી નામંજુર કરેલી અને લેબર કોર્ટનો આંક–૮ નો હુકમ કાયમ કરેલો.

૫.૨ જેથી અરજદાર ધ્વારા લેબર કોર્ટના આંક–૮ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત હુકમને નામદાર સુપ્રિમ કોર્ટમાં Civil Appeal No.7703 of 2013 (Arising out of SLPCC No.5945/2013) થી ચેલેન્જ કરતાં નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબનો હુકમ કરેલો.

Leave granted.

Heard Mr. R. P. Bhatt, learned senior counsel in support of this appeal and Mr. Harish N. Salve, learned senior counsel for the respondent.

2. In deference to our suggestion Mr. Salve, has taken instructions and he states on instructions that the order passed by the Labour Court No.2,

Vadodara dated 20.08.2012 on the application of the respondent in reference (LSV) No. 688/2010 be set aside.

3. In view of this statement, the appeal is allowed. The order dated 20.08.2012 of the Labour Court No.2, Vadodara as well as the order of the High Court confirming this order are set aside. The reference will proceed without any of the conditions.

4. Needless to say that this order is passed without prejudice to the conditions of both the parties. Hearing of the reference is expedited.

5. We record our appreciation for immediate steps and instructions taken by Mr. Salve, learned senior counsel appearing for the respondent.

(૬) આ કામે ત્યારબાદ અરજદાર ધ્વારા તમામ રેફરન્સ કેસો એકત્રિત કરી ચલાવવા અરજી આપતા લેબર કોર્ટ ધ્વારા તારીખ : ૧૯/૦૪/૨૦૧૪ ના હુકમ કરી અરજદારની તમામ કેસો એકત્રિત કરી ચલાવવા અંગેની અરજી નામંજુર કરેલી. જેથી હાલના અરજદાર ધ્વારા તે હુકમથી નારાજ થઈને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિઅલ સિવીલ એપ્લિકેશન નંબર : ૮૮૮૩/૨૦૧૪ થી દાખલ કરતાં નામદાર ગુજરાત હાઈકોર્ટના તારીખ : ૨૭/૦૩/૨૦૧૫ ના હુકમથી તમામ કામદારોનો કેસ અલગ હોઈ, તમામ કામદારોએ અલગ સ્ટેટમેન્ટ ઓફ કલેઈમ રજુ કરેલાં હોઈ દરેક કામદારનો કેસ અલગ હોઈ તે હકીકતને ધ્યાનમાં રાખીને કેસો અલગ-અલગ ચલાવવાનો લેબર કોર્ટનો આંક-૨૪ નો હુકમ કાયમ રાખેલો. જેથી ઉપરોકત હુકમથી નારાજ થઈને અરજદાર ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટમાં સ્પેશિઅલ લીવ ટુ અપીલ નંબર : ૧૫૪૦૦/૨૦૧૫ દાખલ કરતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમમાં કોઈ ઈન્ટરફીયર કરેલ નહીં પરંતું કેટેગરીવાઈઝ કેસોનું ડે-ટુ-ડે લીડ કેસોમાં પુરાવો લઈ ડે-ટુ-ડે કેસો ચલાવવાનો હુકમ કરેલો. તેથી લેબર કોર્ટ ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ મુજબ આંક-૩૪ મુજબ રોજેરોજ ૨૦ કેસો ચલાવવાનો હુકમ કરેલો.

૬.૧ આ કામે નામદાર કોર્ટ ધ્વારા આંક-૩૪ થી હુકમ કરતા અરજદાર ધ્વારા આંક-૩૯ થી આંક-૩૪ હેઠળ જે હુકમ કરેલો તેની સ્પષ્ટતા કરવા માટે આંક-૩૯ થી અરજી આપતા મારા

પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી ધ્વારા તે અન્વયે રોજે-રોજ ૨૦ કેસોમાં દરેક અરજદારને દરેક કેસમાં વ્યકિતગત રીતે પુરાવાની એફિડેવીટ રજુ કરવાનો હુકમ કરેલો.

૬.૨ જેથી અરજદાર ધ્વારા ઉપરોકત આંક-૩૪ અને આંક-૩૯ ના હુકમથી નારાજ થઈને અરજદાર ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટમાં ઈન્ટરીમ એપ્લીકેશન દાખલ કરતાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા તારીખ : ૧૧/૦૫/૨૦૧૬ ના રોજ જો અરજદાર પોતાના જોખમે એક જ સાક્ષીનો પુરાવો આપવા માંગતા હોય તો તે પોતાના રીસ્ક ઉપર આપી શકે છે અને એક જ સાક્ષીનો પુરાવો તમામ ગ્રુપના કેસ માટે વાંચી શકાશે અને તે ગ્રાહય રાખવા પાત્ર છે તેવી દલીલ કરી શકશે અને ઉપરોકત દલીલ ગ્રાહય રાખવાપાત્ર નથી તો વાંધો સામા પક્ષ લઈ શકશે અને લેબર કોર્ટે આવી દલીલ ગ્રાહય રાખવાપાત્ર છે કે નહીં તેનો નિર્ણય કરવાનો રહેશે એવો હુકમ કરેલ છે.

૬.3 ત્યારબાદ હાલના અરજદાર ધ્વારા રેફરન્સ નંબર : ૭૯૨/૨૦૧૦ ના કેસમાં પુનમભાઈ આશાભાઈ વાઘેલાની સોગંદ ઉપર જુબાની અને તેની ઉલટ તપાસ અને તેમાં રજુ થયેલ તમામ દસ્તાવેજો દરેક કેસમાં ગણી લેવા માટે પુરસીસ આપેલી. ત્યારબાદ અરજદાર તરફે તમામ રેફરન્સ કેસોમાં પુનમભાઈ આશાભાઈ વાઘેલાનું પાવર ઓફ એટર્ની તરીકે પુરાવાનું સોગંદનામું રજુ કરેલું. તેથી સામાવાળા કંપની તરફે પાવર ઓફ એટર્નીનો પુરાવો રજુ કરવા સામે વાંધો લેતાં અત્રેની અદાલત ધ્વારા તારીખ : ૧૬/૦૩/૨૦૧૮ ના રોજ "Therefore who has got personal knowledge of this matter is allow, subject to his personal knowledge and subject to cross examination of other side." મુજબ હુકમ કરેલો. આમ, ઉપરોકત શરતો મુજબ પુનમભાઈ આશાભાઈ વાઘેલાને પાવર ઓફ એટર્નીથી પુરાવો રજુ કરવાની પરવાનગી આપવામાં આવેલ. ત્યારબાદ પાવર ઓફ એટર્નીની સામાવાળા કંપની ધ્વારા દરેક કેસમાં ઉલટ તપાસ લેવાનું ચાલુ કરેલ અને પાંચ થી છ કેસોમાં પુનમભાઈની પાવર ઓફ એટર્ની તરીકે ઉલટ તપાસ કરવામાં આવેલ. ત્યારબાદ રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૧૧૧૭/૨૦૧૦ માં પાવર ઓફ એટર્ની (પુનમભાઈ આશાભાઈ વાઘેલા) ની ઉલટ તપાસ ચાલતી હતી તે દરમ્યાન આંક-૫૦ થી તમામ કેસોમાં એક જ પાવર ઓફ એટર્નીની ઉલટ તપાસ તમામ કેસોમાં સમાન રીતે ગણવા માટે અરજી આપતા અત્રેની અદાલત ધ્વારા તારીખ : ૩૧/૧૨/૨૦૧૮ ના હુકમથી તમામ કેસોમાં અલગ-અલગ પાવર ઓફ એટર્નીથી પુરાવો આપેલ હોય તેથી પાવર ઓફ એટર્ની હોલ્ડરની

ઉલટ તપાસ તમામ કેસોમાં સમાન ગણવાની અરજી નામંજુર કરવામાં આવેલી. જે હુકમથી નારાજ થઈને અરજદાર ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટમાં ઈન્ટરીમ એપ્લિકેશન દાખલ કરતાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા તારીખ : ૧૨/૦૭/૨૦૧૯ ના રોજ નીચે મુજબનો હુકમ કરવામાં આવેલો.

O R D E R

Given our order dated 11.05.2016, followed by the orders of the Labour Labour Court dated 16.03.2018 and 31.12.2018, we are of the view that these proceedings must come to an end by 31.12.2019, by which time we direct the Labour Court to deliver its judgment.

It will be open to the Labour Court to conduct the proceedings as it chooses in accordance with law including the appointment of Advocates-Commissioners to take the necessary evidence.

M.A. stands disposed of accordingly.

Pending application also stands disposed of.

૬.૪ આ કામે નામદાર સુપ્રિમ કોર્ટના તારીખ : ૧૨/૦૭/૨૦૧૯ ના હુકમ બાદ પાવર ઓફ એટર્ની હોલ્ડર શ્રી પુનમભાઈ આશાભાઈ વાઘેલા અત્રેની અદાલતમાં ઉલટ તપાસ માટે હાજર રહેલ નથી તેથી ઘણાં કેસોમાં તેઓની જુબાની ડિસ્કાર્ડ કરવામાં આવેલ છે અને ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ બાદ અરજદાર ધ્વારા અમુક કેસોમાં પાવર ઓફ એટર્ની હોલ્ડર પુનમભાઈ વાઘેલા ઉલટ તપાસ માટે હાજર રહી શકે તેમ ન હોય તેવો રીપોર્ટ આપીને તેઓની પાવર ઓફ એટર્નીની જુબાની નોટપ્રેસ કરીને જે-તે અરજદાર ધ્વારા વ્યકિતગત પુરાવો આપેલ છે અને સામાવાળા કંપની ધ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ છે.

(૭) અત્રેની અદાલત તરફથી સદર રેફરન્સના કામે પક્ષકારોને આંક-૨ થી નોટીસ ઈસ્યુ કરવામાં આવતા પક્ષકારોને નોટીસની ધોરણસરની બજવણી થયેલ છે. બીજા પક્ષકાર શ્રમયોગી તરફથી રેફરન્સની હકીકતોના સમર્થનમાં આંક-૪ થી તેમનું સ્ટેટમેન્ટ ઓફ કલેઈમ રજુ કરેલ છે. શ્રમયોગીએ તેમના સ્ટેટમેન્ટ ઓફ કલેઈમમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામે સામાવાળા નંબર (૧) આઈ.પી.સી.એલ. સેન્ટ્રલ ગર્વમેન્ટ ધ્વારા ચલાવવામાં આવતી કંપની હોઈ અને મુળ સેન્ટ્રલ ગર્વમેન્ટનું જાહેર સાહસ હતું અને તે રીતે સામાવાળા નંબર (૧) આઈ.પી.સી.એલ. ભારતીય બંધારણના આર્ટીકલ-૧૨ પ્રમાણે 'સ્ટેટ' ગણાતું હતું.

આઈ.પી.સી.એલ. ઘ્વારા હજારો કામદારોને રેગ્યુલર અને કાયમી કામદાર તરીકે કામ ઉપર રાખવામાં આવેલાં. હાલના અરજદાર અને અન્ય અરજદારો ખલાસી, ટેકનિશિયન ઓપરેટર, સ્વીપર, ક્રેન ઓપરેટર, સ્ટોરમેન, કમ્પાઉન્ડર, ડ્રાઈવર, કેન્ટીન એમ્પલોઈ એમ જુદા–જુદા નોન–સુપરવાઈઝરી સ્ટાફમાં આઈ.પી.સી.એલ. ઘ્વારા કામદારોની નિમણૂંક કરવામાં આવેલી.

**૭.૧** ભારત સરકારના ડીસઈન્વેસ્ટમેન્ટ ખાતા તરફથી સને : ૨૦૦૨ માં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ઘ્વારા ૪૬.૬૪ શેર ખરીદીને આઈ.પી.સી.એલ. ટેકઓવર કરેલ અને કંપનીના ચેરમેન મુકેશ અંબાણી બનેલાં. આમ, સને : ૨૦૦૨ માં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ઘ્વારા ટેકઓવર કરતાં તેઓનું મેનેજમેન્ટ અસ્તિત્વમાં આવેલું.

**૭.૨** આ કામે ત્યારબાદ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મેનેજમેન્ટ ઘ્વારા અનફેર લેબર પ્રેકિટસ આચરીને અને કોન્ટ્રાકટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલિશન) એકટનો પણ ભંગ કરીને તારીખ : ૦૬/૦૩/૨૦૦૭ ના રોજ વી.એસ.એસ. ની સ્કીમ અમલમાં મુકેલી અને ઉપરોકત સ્કીમ ઘ્વારા તેઓએ આઈ.પી.સી.એલ. માં કાયમી કામદારોને છુટા કરીને તેની જગ્યાએ કોન્ટ્રાકટના કામદારોને રાખવાના હેતુથી સ્કીમ મુકેલી. આ રીતે કંપનીએ અનફેર લેબર પ્રેકિટસ આચરેલી છે. આ રીતે રીલાયન્સ મેનેજમેન્ટ ઘ્વારા કેન્ટીન, સ્વીપર, ગાર્ડનીંગ વિગેરે જુદા–જુદા ૪૦૦ થી વધુ કામદારોને છુટા કરી દીધેલાં છે.

**૭.૩** આ કામે કંપની ઘ્વારા જે વી.એસ.એસ. સ્કીમ લોન્ચ કરવામાં આવેલી તેના કલોઝ (૬) માં 'પિરીયડ ઓફ ઓપરેશન ઓફ સ્કીમ' તારીખ ૨૦ માર્ચ, ૨૦૦૭ સુધી અમલમાં છે તે રીતે દર્શાવેલ છે, પરંતુ ઉપરોકત સ્કીમમાં અરજી કર્યા બાદ તેને પરત કયારે ખેંચી શકાય તે અંગેનો કોઈ ઉલ્લેખ કે પ્રોવિઝન કરવામાં આવેલ ન હોય, એટલે કે પરત ખેંચવા અંગેનું કોઈ કલોઝ મુકેલ ન હતું. ઉપરોકત સ્કીમ લોન્ચ કર્યા બાદ મેનેજમેન્ટ ઘ્વારા ભયનું વાતાવરણ ઉભુ કરતાં કામદારોએ વી.એસ.એસ. સ્કીમમાં અરજી કરેલ. આવા પ્રકારની સ્કીમ અમલમાં મુકીને, કામદારોને છેતરી, દબાણ કરી, જામનગર મુકામે બદલી કરવાની ધમકી આપીને વી.એસ.એસ. માટે અરજી કરવા દબાણ કરાવેલ હોઈ કંપની ઘ્વારા અનફેર લેબર પ્રેકિટસ આચરેલ હોવાનું ફલીત થાય છે અને એક વખત વી.એસ.એસ. એપ્લાય કર્યા બાદ તે પાછી ખેંચી ન શકાય અને સ્કીમમાં વિડ્રોઅલનું પ્રોવિઝન ના હોઈ, તે સ્કીમ જાતે જ અનફેર લેબર પ્રેકિટસનું ઉદાહરણ છે.

**૭.૪** આ કામે વધુમાં તેઓ તેમના માંગણાંના નિવેદનમાં જણાવેલ છે કે, રીલાયન્સ કંપનીના મેનેજમેન્ટ ઘ્વારા પઘ્ધતિસરની એવી ધાક–ધમકી વહેતી કરેલી કે, જે કામદારો વી.એસ.એસ. ની

સ્કીમ નહીં સ્વીકારે તેઓને છુટા કરવામાં આવશે અને છુટા કરતી વખતે ખૂબ જ મામુલી રકમ છટણી વળતર તરીકે આપવામાં આવશે અને તેઓને જામનગર મુકામે રીલાયન્સના પેટ્રોકેમિકલ પ્લાન્ટમાં જામનગરથી ૫૦ કિલોમીટર દુર જંગલમાં કોઈ ગામમાં એવી જગ્યાએ બદલી કરવામાં આવશે કે જયાં રહેવાની કે અન્ય કોઈ સગવડ નથી. જેથી આ કામના કામદાર કે જેઓ વડોદરાના હોઈ તેઓ બદલીના દબાણના વાતાવરણ હેઠળ હાલની વી.એસ.એસ. સ્કીમમાં એપ્લાય કરેલ હતું. આમ, કંપનીના ચીફ ઓફિસર ધ્વારા કામદારોને છેતરી, ટ્રાન્સફરના દબાણ હેઠળ મોટાભાગના કામદારોએ તારીખ : ૧૯/૦૩/૨૦૦૭ તથા તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ વી.એસ.એસ. સ્કીમમાં અરજી કરેલ છે અને આવી રીતે કંપની ધ્વારા અનફેર લેબર પ્રેકિટસ આચરી કુલ–૨,૪૦૦ જેટલાં કામદારોને છુટા કરી દીધેલ છે. વધુમાં જણાવે છે કે, આ કામે કંપની ધ્વારા અનફેર લેબર પ્રેકિટસ આચરવામાં આવતી હતી. તેથી તે અંગે તેની રજુઆત જુદી–જુદી ઓથોરીટી જેવી કે, કલેકટરશ્રી, લેબર ડીપાર્ટમેન્ટ અને સિટીંગ ધારા સભ્યશ્રીને કરવામાં આવેલ.

૭.૫ વધુમાં તેઓએ તેમના માંગણાંના નિવેદનમાં જણાવેલ છે કે, હાલના અરજદાર ધ્વારા તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ મોડી રાત્રે ૨,૪૦૦ કર્મચારી પૈકીના અન્ય કર્મચારીઓ સાથે વી.એસ.એસ. અરજી પરત સોંપવા માટે વિનંતી કરેલ, પરંતું ફરજ ઉપરના અધિકારીશ્રીએ સદર અરજી કોમ્પ્યુટરમાં લોક થઈ ગયેલ હોઈ પરત આપી શકાય નહીં તેવું જણાવેલ. તેથી બીજા દિવસે સવારે તારીખ : ૨૧/૦૩/૨૦૦૭ ના રોજ હાલના અરજદાર સહિત અન્ય કર્મચારીઓએ વી.એસ.એસ. અરજીમાંથી પોતાની જાતને પરત ખેંચવા માટે લેખિત અરજી આપેલી જે કંપનીના અધિકારીશ્રીઓએ લઈ લીધેલી અને કંપનીના અધિકારી ધ્વારા તે અંગે 'રીસીવ' નું એન્ડોર્સમેન્ટ પણ કરેલ. આ કામે અરજદાર કર્મચારીઓએ તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ મૌખિક વિડ્રોઅલ કરેલ અને ત્યારબાદ તારીખ : ૨૧/૦૩/૨૦૦૭ અને તારીખ : ૨૨/૦૩/૨૦૦૭ ના રોજ લેખિત વિડ્રોઅલ પણ સામાવાળા કંપનીને આપેલ. પરંતું સામાવાળા કંપનીએ અરજદારોની તારીખ : ૨૧/૦૩/૨૦૦૭ અને તારીખ : ૨૨/૦૩/૨૦૦૭ ના રોજની લેખિત વિડ્રોઅલ અરજીઓનો નિર્ણય કર્યા વગર તારીખ : ૨૬/૦૩/૨૦૦૭ ના ડીસ્પેચ લેટરના પત્રથી તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ તેઓની અરજી સ્વીકારી લીધેલ છે તેવા પત્રો આર.પી.એ.ડી. થી મોકલેલાં. ખરેખર તો અરજદારની વિડ્રોઅલ અરજી કે જે તારીખ : તારીખ : ૨૧/૦૩/૨૦૦૭ અને તારીખ : ૨૨/૦૩/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ તેનો

નિર્ણય કર્યા વગર જ તેઓની વી.એસ.એસ. સ્કીમ સ્વીકારાયેલ છે તેવા પત્રો મોકલી આપેલાં અને તેમ કરી કંપનીએ ફ્રોડ આચરેલ છે. વધુમાં અરજદાર ધ્વારા જયારે તેઓએ વિડ્રોઅલ અરજીથી અરજી પરત ખેંચેલ હોય અને કંપની ધ્વારા તેઓની અરજી સ્વીકારાયેલ હોય તો તે કોન્ટ્રાકટ એકટના કાયદા મુજબ સંપૂર્ણ કોન્ટ્રાકટ ના હોઈ અરજદારોને પુન:સ્થાપિત કરવા અરજ કરેલ છે.

૭.૬ વધુમાં અરજદાર તેમના માંગણાંના નિવેદનમાં જણાવે છે કે, સામાવાળા કંપની ધ્વારા અરજદારોએ મૌખિક અને લેખિત વિડ્રોઅલ અરજી આપેલી તેનો નિર્ણય કર્યા વગર એપ્રિલ–૨૦૦૭ ના છેલ્લા અઠવાડીયામાં તમામ અરજદાર કર્મચારીને નિવૃત્ત કરવામા આવેલાં અને અરજદાર કર્મચારીઓના જે ખાતામાં પગાર જમા થતો હતો તે ખાતામાં નિવૃત્તિના તમામ લાભો કર્મચારીની જાણ બહાર તેઓના બેંક ખાતામાં જમા કરવામાં આવેલાં. તેથી તમામ અરજદાર કર્મચારી ધ્વારા તેઓની મૌખિક અને લેખિત વિડ્રોઅલ અરજીનો નિર્ણય કરેલ ન હોઈ અને તેના ઉપર શું કાર્યવાહી કરેલ છે તે અંગે પત્રો લખવા છતાં પણ કંપનીએ તેનો કોઈ જવાબ આપેલ નહીં. આમ, સામાવાળા કંપની ધ્વારા ફ્રોડ અને અનફેર લેબર પ્રેકિટસ આચરીને હાલના અરજદારને વી.એસ.એસ. સ્કીમના ઓથા હેઠળ ગેરકાયદેસર રીતે છુટા કરેલાં હોઈ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુન: સ્થાપિત કરવા રજુઆતો કરેલ છે.

(૮) આ કામે સામાવાળા કંપનીને અરજદાર કામદારના સ્ટેટમેન્ટ ઓફ કલેઈમની નોટીસ બજતા કંપની તરફે આંક–૯ થી લેખિત જવાબ રજુ કરેલ છે. આ કામે સામાવાળા કંપની તરફે અરજદારના માંગણાના નિવેદનની તમામ હકીકતોનો મહદ અંશે ઈન્કાર કરેલ છે. વધુમાં તેઓ તેમના જવાબમાં જણાવે છે કે, સામાવાળા કંપની ધ્વારા બે વી.એસ.એસ. સ્કીમ લોન્ચ કરવામાં આવેલી કે જે સ્કીમ તારીખ : ૦૬/૦૩/૨૦૦૭ ના રોજ ચાલુ થતી હતી અને તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ પુરી થતી હતી. ઉપરોકત સ્કીમમાં જે અરજદાર કર્મચારી તે સ્કીમ લેવા માંગતા હોય તેઓએ લોકલ ભાષામાં ફોર્મ ભરી સાથી કર્મચારીઓની સાક્ષી તરીકે સહી કરવાની હતી. ઉપરોકત સ્કીમ લોન્ચ થતાં ઘણાં બધા કર્મચારી ધ્વારા વી.એસ.એસ. સ્કીમમાં એપ્લાય કરેલું. જે વિડ્રોઅલની તમામ અરજીઓ સ્પેશિઅલી કોમ્પ્યુટર પ્રોગ્રામમાં ઓનલાઈન દાખલ કરવામાં આવતી હતી. આ સ્કીમ તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ સુધી અમલમાં હતી તેથી જે લોકોએ તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ કે તે પહેલાં અરજી કરેલી તેઓની જ અરજી સ્વીકારવામાં આવેલી. આ વી.એસ.એસ. સ્કીમમાં કુલ–૧૯ જેટલાં કર્મચારીઓએ તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ કે તે પહેલાં

તેઓની વી.એસ.એસ. સ્કીમ પરત ખેંચતા તેઓને પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવેલ. વધુમાં દરેક કર્મચારીઓને તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ તેઓની સ્કીમ સ્વીકારવામાં આવેલ છે અને તેઓને એપ્રિલના પહેલાં અઠવાડીયામાં છુટા કરવામાં આવશે અને તેઓને કેટલાં લાભ મળવાપાત્ર છે તે અંગે દરેકને અલગ પત્રથી જાણ કરવામાં આવેલી. વધુમાં તારીખ : ૨૧/૦૩/૨૦૦૭ અને તારીખ : ૨૩/૦૩/૨૦૦૭ દરમ્યાન ઘણાંબધા કર્મચારીઓએ તેઓના સ્વીકૃતિના પત્રો મેળવી લીધેલાં અને જેઓએ તેઓનો સ્વીકૃતિ પત્ર મેળવેલ નહીં તેઓનું લિસ્ટ તારીખ : ૨૪/૦૩/૨૦૦૭ ના રોજ નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ અને જે કર્મચારીઓએ તેઓના સ્વીકૃતિ પત્રો મેળવેલ નહીં તેઓને આર.પી.એ.ડી. થી સ્વીકૃતિ પત્ર મોકલી આપવામાં આવેલાં. વધુમાં કંપની તરફે જણાવેલ છે કે, અરજદાર ધ્વારા વી.એસ.એસ. સ્કીમ અન્વયેના તમામ લાભો મેળવી લીધેલાં છે. વધુમાં આ કામના અરજદાર ધ્વારા તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ સ્કીમ પુરી થયા બાદ <u>હાલના અરજદારે તેઓનું વી.આર.એસ. પરત ખેંચવા માટે કોઈ અરજી કરેલ નથી.</u> વધુમાં હાલના કુલ ૪૬૪ માંથી ૧૧૦ અરજદારોએ સ્કીમ પુરી થયા પછી તારીખ : ૨૧/૦૩/૨૦૦૭ અને તારીખ : ૨૨/૦૩/૨૦૦૭ ના રોજ વી.એસ.એસ. પરત ખેંચવા માટે અરજી આપેલ પરંતું વી.એસ.એસ. સ્કીમ પૂર્ણ થયેલ હોઈ તેઓની અરજી અંગે નિર્ણય કરવામાં આવેલ નથી. વધુમાં જે કર્મચારીઓએ તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ કે તે પહેલાં અરજી પરત ખેંચેલ છે તેઓને અરજી પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવેલ છે. વધુમાં હાલના અરજદારો ધ્વારા સ્કીમ માટે જાતે લેખિતમાં અરજી કરેલ છે અને તે સ્કીમમાંથી મળતા તમામ લાભો મેળવી લીધેલ છે એટલે કે હાલના અરજદારોએ સ્વૈચ્છિક રીતે અરજી કરેલ છે અને હાલના અરજદારોએ તમામ લાભો મેળવ્યા બાદ કંપની ઉપર દબાણ લાવવા માટે હાલના રેફરન્સ કરેલાં હોઈ જે ચાલવાપાત્ર ના હોઈ રદ કરવા રજુઆત કરેલ છે. વધુમાં આ કામના અરજદાર ધ્વારા વી.એસ.એસ. સ્કીમ હેઠળ એપ્લાય કરી તમામ લાભો મેળવ્યા હોય ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટસ એકટની કલમ–૨(એસ) અન્વયે 'વર્કમેન' ની વ્યાખ્યામાં પડતાં નથી. વધુમાં આઈ. ડી. એકટની કલમ–૨(ઓ.ઓ.) અન્વયે હાલના અરજદારે સ્વૈચ્છિક રીતે રાજીનામું આપેલ હોઈ જેથી કંપનીનું કૃત્ય 'છટણી' માં પડતું ના હોઈ અરજદારનો રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે.

(૯) આ કામના અરજદાર ધ્વારા જાતે માંગણાંનું નિવેદન સહી કરી રજુ કરેલ છે. આ કામે હાલના અરજદાર ચાલુ કાર્યવાહી દરમ્યાન ગુજરી જતાં આ કામે અરજદારના વકીલશ્રી ધ્વારા તારીખ :

૨૯/૦૩/૨૦૧૭ ના રોજ ગુજરનારના વારસોને રેકર્ડ ઉપર લેવા આંક–૨૩ થી અરજી કરેલ છે, જે બંને પક્ષકારોને સાંભળી તારીખ : ૦૫/૦૯/૨૦૧૯ ના રોજ મંજુર કરવામાં આવેલ છે અને આંક–૨૩ ના હુકમથી ગુજરનારના વારસોને જોડવામાં આવેલ. આ કામે અરજદારના પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે પુનમભાઈ વાઘેલાએ આંક–૨૦ થી પુરાવાનું સોગંદનામું રજુ કરેલું જે અન્વયે તેઓ ઉલટ તપાસ માટે હાજર ન રહેતાં અત્રેની અદાલત ધ્વારા અરજદારની જુબાની ડિસ્કાર્ડ કરવાનો હુકમ કરેલો.

**(૧૦)** આ કામે અરજદાર તરફે વિ. વકીલશ્રી પી. આર. ઠકકર ધ્વારા આંક–૧૦ થી રેફરન્સ કેસ નંબર : ૭૯૨/૨૦૧૦ ના કેસમાં જે અરજદારની જુબાની રજુ થયેલ છે તે જ પ્રમાણેની અને તેવી જ જુબાની આ કેસમાં અમારી ગણવાની છે, તેવુ અમો આ પુરસીસથી જાહેર કરીએ છીએ તેમજ રેફરન્સ કેસ નંબર : ૭૯૨/૨૦૧૦ ના કામે રજુ કરીએ તે દસ્તાવેજો–પ્રમાણિત નકલોને આ કેસમાં અમારું પ્રોડકશન અને પુરાવો તે રીતે ગણવાનું છે જે આ પુરસીસથી જાહેર કરીએ છીએ.'' આ કામે અરજદાર તરફે ઉપરોકત પુરસીસ આપતા સામાવાળા કંપની ધ્વારા કેસ એકત્રિકરણ કરવાની અરજી કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે ત્યારે રેકર્ડ ઉપર લઈ શકાય નહીં તેવો આંક–૧૧ થી સખ્ત વાંધો લીધેલ છે.

**(૧૧)** અરજદાર કામદાર તરફથી રેફરન્સ તથા માંગણાંના નિવેદનની હકીકતો સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**:: <u>મૌખિક પુરાવા</u>**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૨૮ | વિમલાબેન મેલીસીંગ જાદવ ના સોંગદનામુ. |

**:: <u>દસ્તાવેજી પુરાવા</u> ::**

| | | |
|---|---|---|
| ૧. | નિ.૧૮/૧ | રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૭૯૨/૨૦૧૦ ના કામે પુનમભાઈ આશાભાઈ વાઘેલા નાઓએ આપેલ જુબાનીની ખરી નકલ, તારીખ : ૦૬/૦૧/૨૦૧૬. |
| ૨. | નિ.૧૮/૨ | રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૭૯૨/૨૦૧૦ ના કામે હરેશભાઈ રમણલાલ દેસાઈ નાઓએ આપેલ જુબાનીની ખરી નકલ, તારીખ : ૧૭/૧૨/૨૦૧૬. |
| ૩. | નિ.૧૮/૩ | શ્રમ અધિકારીશ્રીને કરવામાં આવેલ ફરીયાદની નકલ. |

૪. નિ.૧૮/૪ ફરીયાદનો સામાવાળા કંપની ધ્વારા આપવામાં આવેલ જવાબની નકલ, તારીખ : ૧૫/૦૨/૨૦૦૮.

૫. નિ.૧૮/૫ કંપનીમાંથી વી.આર.એસ. પાછુ ખેંચવા અંગે અરજદારે આપેલ અરજીનો જવાબ આપવા માટે લખેલ પત્રની એકનોલેજમેન્ટ સહિતની નકલ.

૧. નિ.૨૫/૧ અરજદાર કામદારના મરણના દાખલાની નકલ.

૨. નિ.૨૫/૨ પેઢીનામાની નકલ.

૩. નિ.૩૧/૧ રેફરન્સ (એલ.સી.વી.) કેસ નંબર : ૭૯૨/૨૦૧૦ માં આપેલ ઈન્ડેક્ષની સર્ટીફાઈડ નકલ, તારીખ : ૨૧/૦૭/૨૦૧૬.

૪. નિ.૩૧/૨ અરજદારે જનરલ મેનેજરશ્રી ફાયનાન્સ રીલાયન્સને લખેલ પત્રની સર્ટીફાઈડ નકલ, તારીખ : ૨૯/૦૯/૨૦૦૭.

૫. નિ.૩૧/૩ પત્ર મોકલ્યાની પોસ્ટ ખાતાની આર.પી.એ.ડી. ની સર્ટીફાઈડ નકલ.

૬. નિ.૩૧/૪ ૪૬૪ અરજદારોએ જનરલ મેનેજરશ્રી ફાયનાન્સ રીલાયન્સને લખેલ પત્રો પૈકી એકની સર્ટીફાઈડ નકલ.

**(૧૨)** અરજદાર કામદાર તરફે તેઓએ રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૭૯૨/૨૦૧૦ ના કામે રજુ કરેલ દસ્તાવેજોની સર્ટીફાઈડ નકલ ક્રમ નંબર (૧) થી (૩૨) પાના નંબર : ૧ થી ૯૭૬ ના દસ્તાવેજો આ કામમાં રજુ કરેલ છે.

:: <u>દસ્તાવેજી પુરાવા</u> ::

૧. આંક–૨૩ વી.એસ.એસ. સ્કીમનું આમુખ દર્શાવતા આઈ.પી.સી.એલ. ના તારીખ : ૦૬/૦૩/૨૦૦૭ ના સરકયુલરની નકલ.

૨. આંક–૨૪ વી.એસ.એસ. સ્કીમની નકલ, તારીખ : ૦૬/૦૩/૨૦૦૭.

૩. આંક–૨૫ ત્રણ યુનિયન ધ્વારા છટણી, જામનગર મુકામે બદલી વિગેરે બાબતો અંગે બહાર પાડવામાં આવેલ સંયુકત સરકયુલર, તારીખ : ૨૦/૦૨/૨૦૦૭.

૪. આંક–૨૬ આઈ.પી.સી.એલ. ધ્વારા છેતરપિંડી કરવામાં આવેલ હોવા અંગે તથા કામદારોને વી.એસ.એસ. સ્કીમ લેવા દબાણ કરતા ઓફીસરના નામ દર્શાવતા ત્રણ યુનિયનના સંયુકત સરકયુલરની નકલ, તારીખ : ૧૪/૦૩/૨૦૦૭.

| | | |
|---|---|---|
| ૫. | આંક–૨૭ | હોલ ટાઈમ ડીરેકટરશ્રીના સરકયુલરની નકલ, તારીખ : ૧૫/૦૩/૨૦૦૭. |
| ૬. | આંક–૨૮ | આઈ.પી.સી.એલ. ધ્વારા દબાણ કરવામાં આવતા હોવા અંગે પ્રસિધ્ધ થયેલ સમાચારના કટીંગની નકલ. |
| ૭. | આંક–૨૯ | વિડ્રોઅલ અરજીની નકલ, તારીખ : ૨૧/૦૩/૨૦૦૭. |
| ૮. | આંક–૩૦ | તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ની પાછલી તારીખથી તારીખ : ૨૬/૦૩/૨૦૦૭ ના રોજ ડીસ્પેચ કરવામાં આવેલ સ્વીકૃતિ પત્રની નકલ જે તારીખ : ૨૮/૦૩/૨૦૦૭ ના રોજ મળેલ હોવાથી તારીખ : ૨૮/૦૩/૨૦૦૭ ના રોજ સ્વીકૃત થયેલ. |
| ૯. | આંક–૩૧ | દસ કામદારોના આર.પી.એ.ડી. સહિતના સ્મૃતિપત્રો. |
| ૧૦. | આંક–૩૨ | માનનીય રાષ્ટ્રપતિ તથા માનનીય મુખ્ય મંત્રીશ્રી સહિત વિવિધ સરકારી સત્તાધિકારીશ્રીઓને કરવામાં આવેલ રજુઆતની નકલ. |
| ૧૧. | આંક–૩૩ | સ્કુલ સરકયુલરની નકલ, તારીખ : ૦૩/૦૫/૨૦૦૭. |
| ૧૨. | આંક–૩૪ | એસ.સી.એ. નંબર : ૨૦૭૨૭/૨૦૦૭ તથા ૨૦૭૩ થી ૨૧૨૦૧/૨૦૦૭ ના કેસોમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમની નકલ. |
| ૧૩. | આંક–૩૫ | લેબર કમિશ્નરશ્રીને કરવામાં આવેલ ફરીયાદની નકલ. |
| ૧૪. | આંક–૩૬ | ફરીયાદ અંગે સામાવાળા કંપનીએ આપેલ જવાબની નકલ. |
| ૧૫. | આંક–૩૭ | નાયબ શ્રમ આયુકતશ્રી સમક્ષ અરજદાર ધ્વારા રજુ કરવામાં આવેલ લેખિત દલીલની નકલ. |
| ૧૬. | આંક–૩૮ | નાયબ શ્રમ આયુકતશ્રી સમક્ષ સામાવાળા કંપની ધ્વારા રજુ કરવામાં આવેલ લેખિત દલીલની નકલ. |
| ૧૭. | આંક–૩૯ | આઈ.પી.સી.એલ. ધ્વારા આપવામાં આવેલ સર્વિસ સર્ટીફિકેટ, ગેટ પાસ, ટેમ્પરરી સિકયુરીટી પાસ તેમજ સ્કુલ એલ.સી. |
| ૧૮. | આંક–૪૦ | નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ કરેલ એસ.સી.એ. નંબર : ૭૧૦૨/૨૦૦૮ ના પિટીશન મેમાની સર્ટીફાઈડ નકલ. |
| ૧૯. | આંક–૪૧ | એસ.સી.એ. કેસ નંબર : ૭૧૦૨/૨૦૦૮ માં સામાવાળા નંબર (૧) અને (૨) વતી જવાબનું પ્રાથમિક સોગંદનામું, તારીખ : ૧૮/૦૬/૨૦૦૮. |

| | | |
|---|---|---|
| ૨૦. | આંક–૪૨ | એસ.સી.એ. નંબર : ૭૧૦૨/૨૦૦૮ માં અરજદારનું રીજોઈન્ડર એફિડેવીટ, તારીખ : ૨૯/૦૬/૨૦૦૮. |
| ૨૧. | આંક–૪૩ | એસ.સી.એ. નંબર : ૭૧૦૨/૨૦૦૮ માં અરજદારનું વધુ રીજોઈન્ડર એફિડેવીટ, તારીખ : ૧૯/૧૧/૨૦૦૮. |
| ૨૨. | આંક–૪૪ | એસ.સી.એ. કેસ નંબર : ૭૧૦૨/૨૦૦૮ માં પેટ્રોકેમિકલ કર્મચારી સંઘના સેક્રેટરીશ્રી દિલીપભાઈ સી. પટેલ નાઓએ કરેલ સોગંદનામાની નકલ, તારીખ : ૨૦/૧૧/૨૦૦૮. |
| ૨૩. | આંક–૪૫ | એસ.સી.એ. નંબર : ૭૧૦૨/૨૦૦૮ માં ઓફીસ ઓર્ડર સહિત અરજદારનું રીજોઈન્ડર એફિડેવીટ, તારીખ : ૨૯/૦૬/૨૦૦૮. |
| ૨૪. | આંક–૪૬ | એસ.સી.એ. કેસ નંબર : ૭૧૦૨/૨૦૦૮ માં અરજદારે કરેલ સોગંદનામું, તારીખ : ૦૭/૧૨/૨૦૦૮. |
| ૨૫. | આંક–૪૭ | એસ.સી.એ. કેસ નંબર : ૭૧૦૨/૨૦૦૮ માં સામાવાળા કંપનીએ કરેલ કાઉન્ટર સોગંદનામું, તારીખ : ૧૮/૧૨/૨૦૦૮. |
| ૨૬. | આંક–૪૮ | ૪૦ વર્ષની ઉંમર તથા ૧૦ વર્ષની નોકરી પુરી કરેલ ન હોય તેવા કામદારોનું લિસ્ટ. |
| ૨૭. | આંક–૪૯ | એસ.સી.એ. નંબર : ૭૧૦૨/૨૦૦૮ માં અરજદારનું વધુ રીજોઈન્ડર એફિડેવીટ, તારીખ : ૨૫/૧૨/૨૦૦૮. |
| ૨૮. | આંક–૫૦ | નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ કરેલ એલ.પી.એ. નંબર : ૪૧૮/૨૦૦૮ ના અપીલ મેમાની સર્ટીફાઈડ નકલ. |
| ૨૯. | આંક–૫૧ | નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા એસ.એલ.એ. નંબર : ૨૮૭૧૪ થી ૨૯૧૭૨/૨૦૧૦ માં પસાર કરેલ હુકમની નકલ, તારીખ : ૨૪/૦૧/૨૦૧૧. |
| ૩૦. | આંક–૫૨ | એલ.પી.એ. નંબર : ૪૧૮/૨૦૦૯ ના કામમાં પસાર થયેલ હુકમની નકલ, તારીખ : ૨૩/૦૮/૨૦૧૦. |
| ૩૧. | આંક–૨૦ | કંપની પાસેથી વી.આર.એસ. વિડ્રોઅલ અંગે જવાબ માંગતી અરજદાર કામદારોની આર.પી.એ.ડી. એકનોલેજમેન્ટ / કુરીયર રીસીપ્ટ સહિતની અરજીઓ. |

૩૨. આંક–૫૪ પેન્શન અંગેનો ઠરાવ.

૩૩. આંક–૮૦ અરજદાર કામદારે જનરલ મેનેજરશ્રી ફાયનાન્સ રીલાયન્સને લખેલ પત્રની નકલ, તારીખ : ૨૯/૦૯/૨૦૦૭.

૩૪. આંક–૮૧ પત્ર મોકલ્યાની પોસ્ટ ખાતાની આર.પી.એ.ડી. એકનોલેજમેન્ટ, તારીખ : ૦૩/૧૦/૨૦૦૭.

૩૫. આંક–૮૨ ૪૬૪ અરજદાર કામદારોએ જનરલ મેનેજરશ્રી ફાયનાન્સ રીલાયન્સને લખેલ પત્રો પૈકી એકની નકલ.

ત્યારબાદ અરજદાર કામદાર તરફે આંક–૨૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી તેઓનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૧૩) સામાવાળા કંપની તરફે તેઓના જવાબના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

:: **<u>દસ્તાવેજી પુરાવા</u>** ::

૧. નિ.૧૭/૧ વી.એસ.એસ. સ્કીમ સંબંધી સરકયુલરની એનેક્ષર સહિતની નકલ, તારીખ : ૦૬/૦૩/૨૦૦૭.

૨. નિ.૧૭/૨ વી.એસ.એસ. સ્કીમ સંબંધી સરકયુલરના ગુજરાતી ભાષાંતરની એનેક્ષર સહિતની નકલ, તારીખ : ૦૬/૦૩/૨૦૦૭.

૩. નિ.૧૭/૩ અરજદાર દ્વારા આપવામાં આવેલ વી.એસ.એસ. અરજી અસલ.

૪. નિ.૧૭/૪ યુનિયનના જોઈન્ટ સરકયુલરની નકલ, તારીખ : ૧૪/૦૩/૨૦૦૭.

૫. નિ.૧૭/૫ તમામ નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ હોલ ટાઈમ ડીરેકટરશ્રી એસ. કે. આનંદના સરકયુલરની નકલ, તારીખ : ૧૫/૦૩/૨૦૦૭.

૬. નિ.૧૭/૬ માસ ઈમેઈલ દ્વારા તમામ નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા માટે તમામ હેડ ઓફ ડીપાર્ટમેન્ટને મોકલવામાં આવેલ વી.એસ.એસ. / એસ.એસ.એસ. ના સરકયુલરની નકલ, તારીખ : ૨૧/૦૩/૨૦૦૭.

૭. નિ.૧૭/૭ વી.એસ.એસ./એસ.એસ.એસ. સરકયુલર નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા અંગેના સ્વીકૃતિ પત્રની નકલ, તારીખ : ૨૧/૦૩/૨૦૦૭.

૮. નિ.૧૭/૮ વી.એસ.એસ. સ્વીકૃતિ પત્રની નકલ, તારીખ : ૨૦/૦૩/૨૦૦૭.

| | | |
|---|---|---|
| ૯. | નિ.૧૭/૯ | શરૂઆતમાં વી.એસ.એસ. / એસ.એસ.એસ. સ્કીમ મેળવી સ્કીમ બંધ થતાં સુધીમાં વિડ્રોઅલ મેળવેલ કામદારોનું લિસ્ટ. |
| ૧૦. | નિ.૧૭/૧૦ | વધારાના લાભો મંજુર કરવા બાબતે ત્રણ યુનિયન ધ્વારા મેનેજમેન્ટને લખવામાં આવેલ સંયુકત પત્રની નકલ, તારીખ : ૦૭/૦૩/૨૦૦૭. |
| ૧૧. | નિ.૧૭/૧૧ | શ્રી એ. પી. સિંગ ધ્વારા સ્કીમમાં ભાગ લીધેલ કામદારોને એકસ ગ્રેસીયા પેટે રૂા. ૧.૫ લાખ ચુકવવાનું જાહેર કરતા સરકયુલરની નકલ, તારીખ : ૨૧/૦૩/૨૦૦૭. |
| ૧૨. | નિ.૧૭/૧૨ | જે કામદારોએ વી.એસ.એસ. / એસ.એસ.એસ. સ્કીમનો સ્વીકૃતિ પત્ર મેળવેલ ન હોય તે મેળવી લેવા સંબંધે મેનેજમેન્ટ ધ્વારા તમામ ડીપાર્ટમેન્ટના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ સરકયુલરના નમૂનાની નકલ,તારીખ : ૨૪/૦૩/૨૦૦૭. |
| ૧૩. | નિ.૧૭/૧૩ | વી.એસ.એસ. / એસ.એસ.એસ. સ્કીમ મેળવેલ તમામ કામદારોને સંબોધીને ફાયનાન્સ ડીપાર્ટમેન્ટ ધ્વારા ઈનકમ ટેક્ષ એકટની કલમ–૧૦(ઈ) હેઠળ ઈનકમ ટેક્ષના લાભ મેળવવા જરૂરી ફોર્મ અને દસ્તાવેજો પુરા પાડવા અંગે જાણ કરતાં સરકયુલરની નકલ, તારીખ : ૨૬/૦૩/૨૦૦૭. |
| ૧૪. | નિ.૧૭/૧૪ | અરજદાર કામદારને આપવામાં આવેલ છુટા થવાના પત્રની નકલ. |
| ૧૫. | નિ.૧૭/૧૫ | સ્કીમ હેઠળ મૃત્યુના લાભો આપવામાં આવેલ કામદારોના લિસ્ટ સહિત પોલીસીની વિગતની નકલ. |
| ૧૬. | નિ.૧૭/૧૬ | મેડીકલેઈમ પોલીસી હેઠળ કામદારોને આપવામાં આવેલ લાભોની વિગત. |
| ૧૭. | નિ.૧૭/૧૭ | અરજદાર કામદારોને આપવામાં આવેલ સર્વિસ સર્ટીફિકેટની નકલ. |
| ૧૮. | નિ.૧૭/૧૮ | ફેમેલી પેન્શન સ્કીમ હેઠળ અરજદાર ને આપવામાં આવેલ લાભો ની વિગત ની નકલ. |
| ૧૯. | નિ.૧૭/૧૯ | ઈનકમ ટેક્ષ એકટ હેઠળ કલમ–૧૦(ઈ) ના લાભો મેળવવા અંગે અરજદાર કામદાર ધ્વારા આપવામાં આવેલ અરજીની નકલ. |

૨૦. નિ.૧૭/૨૦ અરજદાર કામદાર ધ્વારા આપવામાં આવેલ ગ્રેજ્યુઈટી ઉપાડનું ફોર્મ ની અસલ નકલ.

૨૧. નિ. ૩૩/૧ રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૭૯૨/૨૦૧૦ ના કામે આંક–૧૦૯ થી રજુ થયેલ સામાવાળા કંપનીના સાહેદશ્રી રમેશચંદ્ર અંબાલાલ પટેલનું સોગંદનામું તથા ઉલટ તપાસની સર્ટીફાઈડ નકલ, તારીખ : ૦૫/૦૫/૨૦૧૭.

ત્યારબાદ સામાવાળા કંપની તરફે આંક–૩૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી તેઓનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**(૧૪)** આ કામે અરજદાર તરફે વિ. વકીલશ્રી પી. આર. ઠકકરની મૌખિક દલીલો સાંભળી તથા રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૭૯૨/૨૦૧૦ ના કામે આંક–૧૧૧ થી રજુ કરવામાં આવેલ લેખિત દલીલો વંચાણે લીધી. આ કામે અરજદાર તરફે વિ. વકીલશ્રી પી. આર. ઠકકર તેમની દલીલમાં જણાવે છે કે, આ કામે સામાવાળા સંસ્થાએ વી.આર.એસ. ની અરજી અન્વયે જે કામદાર વી.આર.એસ. નહીં સ્વીકારે તો તે કામદારની જામનગર મુકામે બદલી કરવામાં આવશે એવી ધમકી આપેલી, જેના કારણે અરજદારે વી.આર.એસ. માં અરજી કરેલી. હાલના અરજદારે તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ સાંજે મૌખિક રીતે તેઓની વી.આર.એસ. અરજી પરત માંગેલ, પરંતું અરજી કોમ્પ્યુટરમાં લોક થઈ ગયેલ હોવાથી પરત આપી શકાય નહીં તેવું ફરજ ઉપરના અધિકારીશ્રીએ જણાવતાં તારીખ : ૨૧/૦૩/૨૦૦૭ ના રોજ તેઓએ લેખિતમાં વી.આર.એસ. પરત ખેંચતી અરજી આપેલી અને આ વી.આર.એસ. અરજીનો નિર્ણય કર્યા વગર વી.આર.એસ. સ્કીમ અન્વયેના તમામ લાભો અરજદારની જાણ બહાર તેમના ખાતામાં જમા કરાવી દીધેલ અને આ કામે અરજદારને એપ્રિલના પહેલાં અઠવાડીયામાં છુટા કરવામાં આવેલાં. આ કામે અરજદારને છુટા કરતા પહેલાં તેઓએ વી.આર.એસ. અરજી પરત ખેંચેલી હોઈ તેથી કરાર પૂર્ણ થયો ન કહેવાય, જેથી હાલના અરજદાર વી.આર.એસ. પરત ખેંચવા હકકદાર હોઈ અને નોકર–માલિકનો સંબંધ અસ્તિત્વમાં હોઈ અરજદાર પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે પુન:સ્થાપિત થવા હકકદાર હોઈ તેઓને પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે પુન:સ્થાપિત કરવા અરજ કરેલ છે. ઉપરોકત દલીલોના સમર્થનમાં અરજદાર તરફે નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખવામાં આવેલો છે.

૧. ***૨૦૦૭(૦)જી.એલ.એચ.ઈ.એલ.–એસ.સી.–પાના નંબર : ૩૯૬૭૦***

***ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા વિરૂધ્ધ રમેશકુમાર***

ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં, વી.આર.એસ. ની અરજી સમયમર્યાદામાં અને તે સ્વીકારાય તે પહેલાં પરત ખેંચેલ હોય તો અરજદાર વી.આર.એસ. પરત ખેંચવા હકકદાર છે.

૨. ***૨૦૦૮(૦) જી.એલ.એચ.ઈ.એલ.–એસ.સી.–પાના નંબર : ૪૧૪૨૬***

***નેશનલ ટેક્ષટાઈલ કોર્પોરેશન (એમ.પી.) વિરૂધ્ધ એમ. આર. જાધવ***

ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં, પ્રસ્તાવના સ્વીકારની જાણકારી સામાવાળાને કરવામાં આવેલ ન હોય તો કોન્ટ્રાકટ પૂર્ણ થયેલ ન કહેવાય. ઉપરોકત ચુકાદાની હકીકતો હાલના કેસની હકીકતથી જુદી હોઈ અરજદારને મદદરૂપ થતાં નથી.

૩. ***એ.આઈ.આર. ૨૦૦૩ એસ.સી. પાના નંબર : ૮૫૮***

***બેંક ઓફ ઈન્ડિયા અને બીજાઓ વિરૂધ્ધ ઓ. પી. સ્વર્ણકર***

ઉપરોકત ચુકાદામાં જે કર્મચારી ધ્વારા વી.આર.એસ. સ્કીમ અન્વયેના લાભો મેળવેલા હોય તેવા કર્મચારીની અપીલ નામંજુર કરવામાં આવેલી. હાલના કેસમાં પણ અરજદાર કર્મચારીએ વી.આર.એસ. યોજનાના લાભ મેળવેલ હોય ત્યારબાદ રેફરન્સ કરેલ હોય ઉપરોકત ચુકાદો હાલના કેસમાં અરજદારને મદદરૂપ બનતો નથી.

૪. ***એ.આઈ.આર. ૨૦૧૮ એસ.સી. (સુપ્રિમ) પાના નંબર : ૫૬૧***

***૨૦૧૭ (૦) એ.આઈ.જે.ઈ.એલ.–એસ.સી. પાના નંબર : ૬૧૩૯૫***

***ઈન્ડિયન ઓવરસીસ બેંક વિરૂધ્ધ રતનસિંઘ***

ઉપરોકત ચુકાદાની હકીકત હાલના કેસની હકીકત જુદી–જુદી હોઈ અરજદારને મદદરૂપ થતો નથી.

૫. ***૨૦૧૬(૯) એસ.સી.સી. પાના નંબર : ૩૭૫***

***૨૦૧૬(૦) એ.આઈ.જે.ઈ.એલ.–એસ.સી. પાના નંબર : ૫૯૦૬૫***

***મધ્યપ્રદેશ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિરૂધ્ધ મનોજ કુમાર***

ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં અરજદાર ધ્વારા સ્કીમના વેલીડીટી સમય દરમ્યાન અરજી પરત ખેંચેલ જયારે હાલના કેસમાં અરજદારે વી.આર.એસ. પરત ખેંચેલ છે તે સાબિત કરી શકેલ નથી તેથી ઉપરોકત ચુકાદો અરજદારને મદદરૂપ થતો નથી.

*૬. ૨૦૧૪(૩) એસ.સી.સી. પાના નંબર : ૨૧૮*
*૨૦૧૪ (૦) જી.એલ.એચ.ઈ.એલ.–એસ.સી.–પાના નંબર : ૫૫૧૨૪*
*એમ. ડી. ઓરીસ્સા એસ.એચ.ડબલ્યુ. કો–ઓપરેટીવ સોસાયટી લિમીટેડ વિરૂધ્ધ સત્યનારાયણ પટનાયક*

ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં અરજદારની વી.આર.એસ. અરજીનો સ્વીકાર થાય તે પહેલાં અરજી પરત ખેંચેલ છે. હાલના કેસમાં અરજદારે વી.આર.એસ. પરત ખેંચેલ છે તે પુરવાર કરી શકેલ નથી. જેથી ઉપરોકત ચુકાદો અરજદારને મદદરૂપ બનતો નથી.

*૭. સી.એમ. નંબર : ૩૮૩૬૦/૨૦૧૯ અને ડબલ્યુ.પી.(સી) ૯૩૦૪/૨૦૧૯*
*પુનમ ગર્ગ વિરૂધ્ધ આઈ.એફ.સી.આઈ. વેન્ચર કેપિટલ ફંડસ લિમીટેડ*

ઉપરોકત ચુકાદાની હકીકતો અને હાલના કેસની હકીકતો જુદી–જુદી હોઈ ઉપરોકત ચુકાદો અરજદારને મદદરૂપ બનતો નથી.

*૮. ૨૦૦૨(૩) એસ.સી.સી. પાના નંબર : ૪૩૭*
*શંભુ મોરારી સિન્હા વિરૂધ્ધ પ્રોજેકટ એન્ડ ડેવલોપમેન્ટ ઈન્ડીયા લિમીટેડ*

*૯. ૨૦૦૦(૫) એસ.સી.સી. પાના નંબર : ૬૨૧*
*શંભુ મોરારી સિન્હા વિરૂધ્ધ પ્રોજેકટ એન્ડ ડેવલોપમેન્ટ ઈન્ડીયા લિમીટેડ*

*૧૦. ૧૯૯૭(૩) જી.એલ.આર. પાના નંબર : ૨૩૯૭*
*એન. એ. વસાવા વિરૂધ્ધ ચીફ રીફાઈનરી કોઓર્ડીનેટર આઈ.ઓ.સી.*

*૧૨. ૨૦૦૧(૧) એસ.સી.સી. પાના નંબર : ૧૫૮*
*યુનિયન ઓફ ઈન્ડિયા અને બીજા વિરૂધ્ધ કમાન્ડર ટી. પાર્થ સારથી*

*૧૩. એ.આઈ.આર. ૧૯૯૯ એસ.સી. પાના નંબર : ૧૫૭૧*
*જે. એન. શ્રીવાસ્તવ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા*

*૧૪. એ.આઈ.આર. ૧૯૮૭ એસ.સી. પાના નંબર : ૨૩૫૪*
*બાલારામ ગુપ્તા વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા*

ઉપરોકત ચુકાદાઓ ઉપર આધાર રાખીને અરજદાર તરફે એવી રજુઆત કરેલ છે કે, વી.આર.એસ. સ્વીકારાય ત્યારથી છુટા થાય ત્યાં સુધી અરજદાર જો વી.આર.એસ. અરજી પરત ખેંચી લે તો અરજદાર વી.આર.એસ. પરત ખેંચવા માટે હકકદાર છે. પરંતું આ કામે અરજદાર ધ્વારા વી.આર.એસ. અરજી પરત ખેંચેલ છે તે સાબિત કરી શકેલ ના હોઈ ઉપરોકત ચુકાદાની હકીકતો અને હાલના કેસની હકીકતો જુદી–જુદી હોઈ સદર ચુકાદાઓ અરજદારને મદદરૂપ થતાં નથી.

*૧૧. એ.આઈ.આર. ૧૯૮૧ એસ.સી. પાના નંબર : ૭૮૯*
*પી. કાશિલિંગમ વિરૂઘ્ઘ પી.એસ.જી. કોલેજ ઓફ ટેકનોલોજી*

*૧૫. ૨૦૦૨(૫) એસ.સી.સી. પાના નંબર : ૨૭૮*
*કે.એલ.ઈ. સોસાયટી વિરૂઘ્ઘ ડો. આર. આર. પટેલ અને બીજા*

*૧૬. ૧૯૯૮(૨) જી.એલ.આર. પાના નંબર : ૧૦૦૧*
*જયંતકુમાર આત્મારામ ભટ્ટ વિરૂઘ્ઘ ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન*

*૧૭. ૨૦૦૧(૩) એસ.સી.સી. પાના નંબર : ૨૯૦*
*ટેકચંદ વિરૂઘ્ઘ દિલેરામ*

*૧૯. એ.આઈ.આર. ૧૯૭૦ એસ.સી. પાના નંબર : ૨૧૪*
*સ્ટેટ ઓફ પંજાબ વિરૂઘ્ઘ ખેમીરામ*

*૨૦. એ.આઈ.આર. ૧૯૬૬ એસ.સી. પાના નંબર : ૧૩૧૩*
*સ્ટેટ ઓફ પંજાબ વિરૂઘ્ઘ અમરસિંઘ હરીકા*

*૨૩. એ.આઈ.આર. ૨૦૦૬ એસ.સી. પાના નંબર : ૫૩૩*
*પંજાબ એન્ડ સિન્ઘ બેંક અને બીજા વિરૂઘ્ઘ મોહિન્દરપાલ સિંઘ અને બીજા*

*૨૫. સિવીલ અપીલ નંબર : ૪૨૨૬/૨૦૧૨, નામદાર સુપ્રિમ કોર્ટ*
*અનવર પી. વી. વિરૂઘ્ઘ પી. કે. બસીર અને બીજાઓ*

ઉપરોકત ચુકાદા નંબર (૧૧), (૧૫), (૧૬), (૧૭), (૧૯), (૨૦), (૨૩) અને (૨૫) ની હકીકતો અને હાલના કેસની હકીકતો જુદી–જુદી છે.

*૧૮. ૧૯૯૭(૪) એસ.સી.સી. પાના નંબર : ૨૮૦*
*પાવર ફાયનાન્સ કોર્પોરેશન લિમીટેડ વિરૂઘ્ઘ પ્રમોદકુમાર ભાટીયા*

ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં અરજદાર દ્વારા વી.આર.એસ. માટે એપ્લાય કરેલ. જેમાં સામાવાળા સંસ્થા દ્વારા રાજીનામું ફંડ ચુકવવાની મંજુરી મળ્યેથી સ્વીકારાશે તેવી શરતે મંજુર કરવામાં આવેલી અને ઉપરોકત શરત પુરી થાય તે પહેલાં સામાવાળા દ્વારા સ્કીમ જ પરત લેવામાં આવેલી. જેથી રાજીનામુ સ્વીકારેલ હોવા છતાં અમલમાં આવેલ નહીં. ઉપરોકત ચુકાદો અને હાલના કેસની હકીકતો જુદી–જુદી હોઈ અરજદારને મદદરૂપ થતો નથી.

***૨૧. ૨૦૦૮(૦) જી.એલ.એચ.ઈ.એલ. એસ.સી. પાના નંબર : ૪૧૪૨૬***
***એ.આઈ.આર. ૨૦૦૮ એસ.સી. પાના નંબર : ૨૪૪૯***
***નેશનલ ટેક્ષટાઈલ કોર્પોરેશન (એમ.પી.) વિરૂધ્ધ એમ. આર. જાદવ***

ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં અરજદાર દ્વારા વી.આર.એસ. માં એપ્લાય કરેલ પરંતું સામાવાળા સંસ્થા પાસે ફંડની વ્યવસ્થા ના હોઈ વી.આર.એસ. સ્વીકારેલ નહીં અને તેઓને છુટા ન કરતાં અરજદાર દ્વારા નામદાર હાઈકોર્ટમાં પોતાને ફંડ ચુકવે અને વી.આર.એસ. સ્વીકારે તેવી રીટ દાખલ કરેલ.

ઉપરોકત ચુકાદામાં સંસ્થા પાસે ફંડ ન હોઈ તેથી વી.આર.એસ. સ્વીકારેલ નહીં. જયારે હાલના કેસમાં અરજદાર દ્વારા સ્કીમ પુરી થયા બાદ વી.આર.એસ. પરત ખેંચવા અરજી આપેલી અને ત્યારબાદ વી.આર.એસ. અન્વયેના તમામ લાભો તેમના બેંક ખાતામાં જમા થયેલાં તે પણ તેઓએ સ્વીકારી લીધેલાં અને સામાવાળી સંસ્થાને આજદીન સુધી પરત આપેલ નથી. જેથી ઉપરોકત ચુકાદાની હકીકતો અને હાલના કેસની હકીકતો જુદી હોઈ સદર ચુકાદો અરજદારને મદદરૂપ થતો નથી.

***૨૬. સ્પેશિઅલ સિવીલ એપ્લિકેશન નંબર : ૫૪૯૧/૨૦૧૪, નામદાર ગુજરાત હાઈકોર્ટ***
***રઈજીભાઈ ભીખાભાઈ પરમાર વિરૂધ્ધ આઈ.પી.સી.એલ.(હવે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ)***

ઉપરોકત ચુકાદો પ્રાથમિક મુદ્દો રેફરન્સને સમય મર્યાદાનો બાધ નડે છે એટલે કે પ્રાથમિક મુદ્દા ઉપરનો ચુકાદો છે અને ઉપરોકત ચુકાદામાં તમામ કામદારોએ કે જેઓ રેફરન્સ ચલાવવા માંગતા હોય તો તેઓએ લેબર કોર્ટમાં

વી.આર.એસ. અન્વયે જે રકમ મેળવેલ છે તે પ્રિન્સીપાલ એમાઉન્ટ ત્રણ મહીનામાં લેબર કોર્ટમાં જમા કરાવવાનો હુકમ થયેલ છે.

***૨૭. આર. એસ. એ. નંબર : ૨૭૭૩/૨૦૦૮, નામદાર પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટ નેકરામ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને બીજા***

ઉપરોકત ચુકાદાની હકીકતો અને હાલના કેસની હકીકતો જુદી–જુદી હોઈ ઉપરોકત ચુકાદો અરજદારને મદદરૂપ બનતો નથી.

***૨૮. ૨૦૧૪(૦) જી.એલ.એચ.ઈ.એલ.–એસ.સી. પાના નંબર : ૫૫૩૭૯ ભુવનેશકુમાર દ્વિવેદી વિરૂધ્ધ હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ***

ઉપરોકત ચુકાદો બેકવેજીસને લગતો હોઈ ઉપરોકત ચુકાદો અરજદારને મદદરૂપ બનતો નથી.

**(૧૫)** આ કામે સામાવાળા કંપની તરફે વિ. વકીલશ્રી ડી. એમ. શાહની મૌખિક દલીલો સાંભળી તથા રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૭૯૨/૨૦૧૦ ના કામે આંક–૧૧૨ થી રજુ કરવામાં આવેલ લેખિત દલીલો વંચાણે લીધી. આ કામે સામાવાળા તરફે વિ. વકીલશ્રી ડી. એમ. શાહે તેઓની દલીલોમાં એવી રજુઆત કરેલ છે કે, સામાવાળા કંપની દ્વારા વી.આર.એસ. ની સ્કીમ મુકવામાં આવેલી તે સ્કીમમાં હાલના અરજદારે સ્વૈચ્છાપૂર્વક અરજી કરીને વી.આર.એસ. અન્વયે મળવાપાત્ર તમામ લાભો મેળવેલાં છે. સામાવાળા કંપની દ્વારા કોઈને પણ જામનગર મુકામે બદલી કરવાની ધમકી આપેલ નથી. વધુમાં જે કર્મચારીઓએ વી.આર.એસ. લીધેલ નથી તેમાંથી પણ કોઈની જામનગર મુકામે બદલી કરવામાં આવેલ નથી. વધુમાં હાલના અરજદાર દ્વારા વી.એસ.એસ. સ્કીમ ઉપરાંત વધારાની એકસ–ગ્રેસીયાની રકમ રૂા. ૧,૫૦,૦૦૦/– મેળવી લીધેલાં છે. પી.એફ., ગ્રેજયુઈટી અને ઈનકમટેક્ષના ફોર્મ પણ ભરેલાં છે. વધુમાં તેમની દલીલમાં જણાવે છે કે, હાલની સ્કીમ તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ પુરી થતી હતી અને હાલના અરજદારે કયારેય વી.આર.એસ. ની અરજી પરત ખેંચેલ નથી અને તેઓએ વી.આર.એસ. પરત ખેંચેલ હોય તેવો કોઈ પુરાવો પણ રજુ કરેલ નથી. વધુમાં વી.આર.એસ. પરત ખેંચેલ હોય તે સાબિત કરવાનો બોજો કામદાર ઉપર હોય, તે સાબિત કરવામાં કામદાર નિષ્ફળ ગયેલ છે. વધુમાં ઔદ્યોગિક વિવાદની કલમ–૨(કે) અન્વયે કામદારોએ વી.એસ.એસ. અન્વયેના તમામ લાભો મેળવી લધીા બાદ તે ડિસ્ચાર્જ કે રીટ્રેન્ચની વ્યાખ્યામાં આવતા ના હોઈ, હાલના અરજદાર કામદારની વ્યાખ્યામાં પડતાં ના હોઈ

અને કામદાર–માલિકના સંબંધો ના હોઈ રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે. વધુમાં તેઓની દલીલમાં જણાવે છે કે, ૧૯ કર્મચારીઓએ સ્કીમના સમય દરમ્યાન તેઓની અરજી પરત ખેંચેલ અને તેઓને કામ ઉપર લેવામાં આવેલાં છે. વધુમાં હાલના અરજદાર દ્વારા વી.આર.એસ. સ્કીમ અન્વયેના તમામ લાભો મેળવી લીધાં છે અને આજદીન સુધી કંપનીમાં પરત જમા કરાવેલ નથી. વધુમાં હાલના અરજદાર સદરહું કેસ ચાલતો હતો તે દરમ્યાન ગુજરી ગયેલ હોઈ પુન:સ્થાપનનો કોઈ પ્રશ્ન રહેતો નથી. તેથી પણ અરજદારનો રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે. ઉપરોકત દલીલના સમર્થનમાં સામાવાળા કંપની તરફે નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખવામાં આવેલો છે.

*૧. ૨૦૧૫ સેકન્ડ એલ.એલ.જે. પાના નંબર : ૪૯૧(દિલ્હી), નામદાર દિલ્હી હાઈકોર્ટ*
*મહંમદ આરીફ <u>વિરૂઘ્ધ</u> કાર્ડીઓ પ્રોડકટસ કોર્પોરેશન અને બીજાઓ.*

*૮. ૧૯૬૮ લેબ આઈ.સી. પાના નંબર : ૫૨૬, નામદાર સુપ્રિમ કોર્ટ*
*સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લિમીટેડ <u>વિરૂઘ્ધ</u> ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ ઓફ ગુજરાત અને બીજાઓ.*

*૧૯. ૧૯૭૦ લેબ આઈ.સી. પાના નંબર : ૪૨૧, નામદાર દિલ્હી હાઈકોર્ટ*
*ફેડર્સ લોયડ કોર્પોરેશન (પ્રાઈવેટ) લિમીટેડ <u>વિરૂઘ્ધ</u> લેપ્ટનન ગર્વનર, દિલ્હી અને બીજાઓ.*

ઉપરોકત ત્રણેય ચુકાદાઓ ઉપર આધાર રાખીને અરજદાર તરફે એવી દલીલ કરેલ છે કે, હાલના અરજદારે વિવાદ ઉપસ્થિત કરતાં પહેલાં કોઈ નોટીસ આપેલ નથી કે ડિમાન્ડ રેઈઝ કરેલ નથી. વધુમાં આઈ. ડી. એકટની કલમ–૨(એ) માં થયેલાં સુધારા અને આઈ.ડી. એકટની કલમ–૨(એ)(૩) અન્વયે રેફરન્સને સમયમર્યાદાનો બાધ નડે છે અને ઈન્ડીવિડયુઅલ રેફરન્સ હોય કલમ–૧૦(સી) હેઠળ દરેક વર્કમેન દ્વારા અલગથી રેફરન્સ કરેલ હોય દિન–૪૫ માં ઉપરોકત રેફરન્સ કરવો જોઈએ અને આઈ. ડી. એકટની કલમ–૨(કે) અન્વયે ઉપરોકત ડિસ્પ્યુટ ઔદ્યોગિક તકરાર ના હોઈ રેફરન્સ રદ કરવા દલીલ કરેલ છે.

સામાવાળા તરફે એવી દલીલ કરેલ છે કે, અરજદારે વિવાદ ઉપસ્થિત કરતાં પહેલાં સંસ્થાને કોઈ નોટીસ આપેલ નથી તેથી હાલનો વિવાદ ઔદ્યોગિક વિવાદ

નથી. પરંતું આ બાબતે ચર્ચા કરવામાં આવે તો હાલનો વિવાદ આઈ. ડી. એકટની કલમ–૧૦(૧) અન્વયે ન્યાયનિર્ણય માટે રીફર કરેલ છે તે જોગવાઈમા વિવાદ ઉત્પન્ન કરતાં પહેલા સંસ્થાને સ્ટેચ્યુટરી નોટીસ આપવી પડે એવી આજ્ઞાત્મક જોગવાઈ કરવામાં આવેલ નથી ત્યારે કાયદામાં આવી જોગવાઈ ના હોય તેથી નોટીસ આપેલ ના હોય તેવા ટેકનિકલ કારણસર વિવાદના ગુણદોષમાં ઉતર્યા વગર રદ કરી શકાય નહીં. વધુમાં ચર્ચા કરવામાં આવે તો હાલના અરજદારે સૌ પ્રથમ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કાર્યવાહી કરતાં સંસ્થાને વિવાદની જાણ થઈ ગયેલ અને ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ તેમનો વિવાદ એ.સી.એલ. સમક્ષ રજુ કરેલ. કોઈપણ કાયદાનો નોટીસ આપવાનો હેતુ એટલે જ રાખેલ છે કે, કોઈ વિવાદ બાબતે સામાવાળા પક્ષને જાણ થાય. આ વિવાદ બાબતે સામાવાળાએ સંપૂર્ણપણે લડત આપેલ છે અને તે તેઓના જાણમાં છે. જેથી લિગલ નોટીસ નહીં આપવાના કારણે કેસના ગુણદોષને કોઈ અસર થયેલ નથી.

સામાવાળા તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, કાયદામાં વ્યકિતગત છુટા કરવાની જોગવાઈ કલમ–૨(એ) માં સુધારો થયા બાદ અમલમાં આવેલ છે. તે જોગવાઈમાં કેન્દ્ર સરકાર ધ્વારા છુટા કર્યા બાદ ત્રણ વર્ષમાં રેફરન્સ ઉપસ્થિત કરવાની સમયમર્યાદાની જોગવાઈ છે. તે સંજોગોમાં હાલનો વિવાદ કલમ–૧૦ મુજબ રીફર કરી શકાય નહીં. કલમ–૨(એ) મુજબ સમયમર્યાદાની ચર્ચા કરવામાં આવે તો અરજદાર સંદર્ભે ઉપરોકત વિવાદ અન્વયે કલમ–૧૦(૧) મુજબ એ.સી.એલ. માં ફરીયાદ કરેલી હતી. શરૂઆતના તબકકે એ.સી.એલ. ધ્વારા ફરીયાદ રદ કરી વિવાદ રીફર કરવામાં આવેલ ન હતો. ત્યારબાદ અરજદાર ધ્વારા ઉપરોકત એ.સી.એલ. ના હુકમને નામદાર ગુજરાત હાઈકોર્ટના એલ.પી.એ. નંબર : ૪૧૮/૨૦૦૯ ના હુકમમાં ઉપરોકત તમામ તકરારો અન્વયે બંને પક્ષકારોને સાંભળીને લેબર કમિશ્નર વડોદરાને રેફરન્સ ન્યાયનિર્ણય અર્થે મોકલાવેલ છે. જે નામદાર ગુજરાત હાઈકોર્ટની એલ.પી.એ. નંબર : ૪૧૭/૨૦૦૯ ના હુકમને નામદાર સુપ્રિમ કોર્ટમાં એસ. એલ. પી. નંબર : ૨૮૭૧૪–૨૯૧૭૨/૨૦૧૦ થી દાખલ કરેલ. જે એસ.એલ.પી. સામાવાળા કંપની ધ્વારા તારીખ : ૨૪/૦૧/૨૦૧૧ ના વિડ્રો કરેલ છે એટલે જે નામદાર ગુજરાત હાઈકોર્ટનો એલ.પી.એ. નો રેફરન્સ કરવાનો હુકમ નામદાર સુપ્રિમ કોર્ટ સુધી માન્ય રાખવામાં આવેલો ત્યારે સામાવાળાનું કલમ–૧૦ મુજબ એ.સી.એલ. ધ્વારા ટર્મ ઓફ રેફરન્સ

થઈને આવેલ તે કલમ–૧૦ મુજબ રીફર કરી શકાય નહીં તે રીતે પડકારેલ નથી. વધુમાં જયારે અરજદારે હાલનો વિવાદ કલમ–૧૦(૧) મુજબ ઉપસ્થિત કરેલ હોય ત્યારે કલમ–ર(એ)(૧) ની જોગવાઈ લાગુ પડી શકે નહીં તેમજ હાલના કામદારો ઓગષ્ટ–ર૦૦૭ માં નામદાર હાઈકોર્ટ સમક્ષ કાર્યવાહી કરેલ છે તે જોતાં વિલંબની દલીલ અસ્થાને છે.

ર. *૧૯૮૭ એ. આઈ.આર. પાના નંબર : ૮૪૯, નામદાર સુપ્રિમ કોર્ટ*
*ધી બાલાસિનોર નાગરીક કો–ઓપરેટીવ બેંક લિમીટેડ વિરૂઘ્ઘ બાબુભાઈ શંકરલાલ પંડયા અને બીજાઓ.*

૩. *(ર૦૧૪)૧ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નંબર : ર૫૮, નામદાર સુપ્રિમ કોર્ટ*
*સ્ટેટ ઓફ આંઘ્રપ્રદેશ વિરૂઘ્ઘ મહંમદ હુસૈન એલિયાસ સલીમ*

૪. *(ર૦૦૭)૧૧ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નંબર : ૭૫૬, નામદાર સુપ્રિમ કોર્ટ*
*ગાઝીયાબાદ સહકારી બેંક લિમીટેડ વિરૂઘ્ઘ એડીશનલ લેબર કમિશ્નર અને બીજાઓ.*

૫. *(૧૯૮૯)૩ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નંબર : ૫૩૭, નામદાર સુપ્રિમ કોર્ટ*
*રતનલાલ અડુકીઆ વિરૂઘ્ઘ યુનિયન ઓફ ઈન્ડિયા.*

૬. *ર૦૧૫ સેકન્ડ સી.એલ.આર. પાના નંબર : ૯૪૫, નામદાર સુપ્રિમ કોર્ટ*
*ઝુઆરી સિમેન્ટ લિમીટેડ વિરૂઘ્ઘ રીજીઓનલ ડાયરેકટર, ઈ.એસ.આઈ.સી. અને બીજાઓ.*

૭. *ર૦૧૫ સેકન્ડ સી.એલ.આર. પાના નંબર : ૪૭૮, નામદાર સુપ્રિમ કોર્ટ*
*એરીએન ઓર્ગકિમ પ્રાઈવેટ લિમીટેડ વિરૂઘ્ઘ વીથ એમ્પલોઈઝ યુનિયન અને બીજાઓ.*

૧૭. *ર૦૧૬ એલ.એલ.આર. પાના નંબર : ૫૧૧, નામદાર પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટ*
*રામ કિશન શર્મા વિરૂઘ્ઘ પ્રિસાઈડીંગ ઓફીસર અને બીજાઓ.*

ર૬. *ર૦૧ર–થર્ડ એલ.એલ.જે. પાના નંબર : ૪૯૮, નામદાર કર્ણાટક હાઈકોર્ટ*
*આર. રામાનુજમલ ક્રિશ્નગીરી તાલુકા એન્ડ ડીસ્ટ્રીકટ તમીલનાડુ વિરૂઘ્ઘ સિનયર મેનેજર, બાય ડીઝાઈન (પ્રાઈવેટ) લિમીટેડ, બેંગલોર.*

૨૮. ***૨૦૧૬ એલ.એલ.આર. પાના નંબર : ૯૦૩, નામદાર બોમ્બે હાઈકોર્ટ***
***કુલોરા પ્રિન્ટર્સ વિરૂધ્ધ અંકુશ સીતારામ સાવંત***

ઉપરોકત ચુકાદા નંબર (૨), (૩), (૪), (૫), (૬), (૭), (૧૭), (૨૬) અને (૨૮) ની હકીકતો અને હાલના કેસની હકીકતો જુદી–જુદી છે.

૯. ***(૨૦૧૪) ૧ સુપ્રિમ કોર્ટ કેસીસ (એલ. એન્ડ એસ.) પાના નંબર : ૧૮૩, નામદાર સુપ્રિમ કોર્ટ***
***ટાટા આર્યન એન્ડ સ્ટીલ કંપની લિમીટેડ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઝારખંડ અને બીજાઓ.***

૧૦. ***૧૯૯૮(૧) એલ.એલ.એન. પાના નંબર : ૨૬૯, નામદાર દિલ્હી હાઈકોર્ટ***
***ઈગલ ફેશન્સ, દિલ્હી વિરૂધ્ધ સેક્રેટરી (લેબર) ગર્વમેન્ટ ઓફ નેશનલ કેપિટલ ટેરીટરી ઓફ દિલ્હી અને બીજાઓ.***

આ કામે ઉપરોકત ચુકાદા નંબર (૯) અને (૧૦) બંને ચુકાદાઓ ધ્વારા સામાવાળા તરફે એવી દલીલ કરેલ છે કે, રેફરન્સ યોગ્ય ટર્મમાં કરેલ ન હોય તો રેફરન્સ રદ કરવો જોઈએ. આ કામે સામાવાળા ધ્વારા સમગ્ર રેફરન્સ દરમિયાન રેફરન્સ યોગ્ય ટર્મમાં કરેલ નથી એવી કોઈ પ્રાથમિક તકરાર લીધેલ નથી, તેથી અરજદારની દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી નથી.

૧૧. ***૨૦૦૧(૮૯) એફ.એલ.આર. પાના નંબર : ૫૨૨, નામદાર કેરાલા હાઈકોર્ટ***
***પુરંદરન વિરૂધ્ધ હિન્દુસ્તાન લિવર લિમીટેડ***

૧૨. ***૧૯૯૯ સેકન્ડ સી.એલ.આર. પાના નંબર : ૩૮૦, નામદાર કેરાલા હાઈકોર્ટ***
***એવરેસ્ટી વિરૂધ્ધ ડીસ્ટ્રીકટ લેબર ઓફીસર***

૧૪. ***૨૦૦૬ એલ.એલ.આર. પાના નંબર : ૩૩૫, નામદાર સુપ્રિમ કોર્ટ***
***સિએટ લિમીટેડ વિરૂધ્ધ આનંદ અબાસાહેબ હવાલદાર***

ઉપરોકત ચુકાદા નંબર (૧૧), (૧૨) અને (૧૪) માં એવું ઠરાવેલું છે કે, જયારે કામદારે વી.આર.એસ. સ્કીમ અન્વયે તમામ લાભો મેળવી લીધા હોય તો તે 'કામદાર' ની વ્યાખ્યામાં આવતો નથી.

૧૩. ***૨૦૦૨(૧) એલ.એલ.જે. પાના નંબર : ૫૨૭, નામદાર બોમ્બે હાઈકોર્ટ***

***પ્રિમીયર ઓટોમોબાઈલ્સ લિમીટેડ <u>વિરૂઘ્ઘ</u> પી.એ.એલ. વી.આર.એસ. એમ્પલોઈઝ વેલફેર એસોસિએશન અને બીજાઓ.***

ઉપરોકત ચુકાદો કલમ–૩૩(સી)(ર) રીકવરી ઉપર છે, જેથી ઉપરોકત ચુકાદાની હકીકતો અને હાલના કેસની હકીકતો જુદી–જુદી છે.

***૧૫. ૧૯૯૮(ર) એલ.એલ.એન. પાના નંબર : ૪૯૩, નામદાર અલાહાબાદ હાઈકોર્ટ ડેલ્ટા એન્જીનીયરીંગ કંપની (પ્રાઈવેટ) લિમીટેડ, મેરઠ <u>વિરૂઘ્ઘ</u> ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ–૫, મેરઠ અને બીજાઓ.***

ઉપરોકત ચુકાદામાં એવું ઠરાવ્યું છે કે, જયારે રાજીનામું કોરા કાગળ ઉપર અને બળજબરીથી લેવડાવેલ છે તેનો પુરાવાનો બોજો હંમેશા કામદાર ઉપર રહેલો છે.

***૧૬. ૧૯૯૮ એલ.એલ.આર. પાના નંબર : પર૪, નામદાર મઘ્યપ્રદેશ હાઈકોર્ટ હીરા મિલ્સ, ઉજજૈન <u>વિરૂઘ્ઘ</u> બાબુ અને બીજાઓ.***

ઉપરોકત ચુકાદામાં એવું ઠરાવ્યુ છે કે, જો કામદાર એમ કહેતો હોય કે રાજીનામું સ્વૈચ્છિક રીતે આપેલ નથી તો એ સાબિત કરવાનો બોજો કામદાર ઉપર રહેલો છે. વધુમાં અરજદારે ગ્રેજયુઈટી મેળવ્યાના ૬(છ) મહીના સુધી કોઈ કાર્યવાહી કરેલ ન હોય અને ૬(છ) મહીના સુધી સાયલન્ટ રહેલ તેથી અરજદારે સ્વૈચ્છિક રીતે રાજીનામું આપેલાનું અનુમાન થઈ શકે છે.

***૧૮. ર૦૧ર(ર) એલ.એલ.એન. પાના નંબર : ૪૪ર, નામદાર મઘ્યપ્રદેશ હાઈકોર્ટ છેદીલાલ દહીયા <u>વિરૂઘ્ઘ</u> મેનેજર, ક્રિસ્તુકુલ મિશન હાયર સેકન્ડરી સ્કુલ, સતના અને બીજાઓ.***

ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં એવું ઠરાવેલ છે કે, અરજદારે છુટા થતી વખતે રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશન ૧(એક) મહીનાનો પગાર ચેક વિગેરે મેળવી લીધા બાદ અરજદારને છુટા કરવાનું કૃત્ય આઈ. ડી. એકટની કલમ–ર૫(એફ) ના ભંગ સમાન છે એવી પ્લી લેવાનો એસ્ટોપલ નડે છે.

***ર૦. ર૦૦૯(૩) જી.એલ.આર. પાના નંબર : ર૪૦૦, એચ.એમ.પી. એન્જીનીયર્સ લિમીટેડ, ફતેનગર <u>વિરૂઘ્ઘ</u> આર. કાશી નાઈડુ***

ઉપરોકત ચુકાદામાં એવો સિઘ્ધાંત સ્થાપિત કરેલ છે કે, જયારે અરજદાર દ્વારા સમજી–વિચારીને વી.એસ.એસ. ની સ્કીમની શરતોને જાણીને વી.એસ.એસ.

સ્કીમમાં એપ્લાય કરેલ હોય અને તે કંપની ધ્વારા રાજીનામુ સ્વીકારાઈ ગયેલ હોય અને પેમેન્ટ પણ ચુકવાઈ ગયેલ હોય ત્યાર બાદ કામદાર વી.આર.એસ. માંથી ફરી જઈને પુન:સ્થાપનની દાદ માંગી શકે નહીં ભલેને કંપની ધ્વારા મૌખિક રીતે પુન:સ્થાપિત કરવા બાંહેધરી આપી હોય, આવી મૌખિક બાંહેધરીની કોઈ કિંમત રહેતી નથી. ઉપરોકત ચુકાદો હાલના કેસમાં સંપૂર્ણપણે લાગુ પડે છે.

***૨૨. ૨૦૦૩ સુપ્રિમ કોર્ટ કેસીસ (એલ. એન્ડ એસ.) પાના નંબર : ૬૨૦, નામદાર સુપ્રિમ કોર્ટ***

***એ. કે. બિંદલ અને બીજાઓ <u>વિરૂઘ્ઘ</u> યુનિયન ઓફ ઈન્ડિયા અને બીજાઓ.***

ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં તેમાં એવું ઠરાવેલ છે કે, જયારે કામદારે વી.આર.એસ. લીધેલ હોય અને વી.આર.એસ. અન્વયેના તમામ લાભ મેળવી લીધેલ હોય ત્યારે કામદારના તમામ હકકનો અંત આવે છે અને તે ફરીથી પુનરાવર્તન પે–રિવીઝનના લાભ માટે હકકદાર થતાં નથી.

***૨૩. ૧૯૯૮ સેકન્ડ સી.એલ.આર. પાના નંબર : ૮૬૪, નામદાર સુપ્રિમ કોર્ટ***

***નંદ કેશ્વર પ્રસાદ <u>વિરૂઘ્ઘ</u> ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટીલાઈઝર્સ કો–ઓપરેટીવ લિમીટેડ અને બીજાઓ.***

ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં, અરજદાર ધ્વારા વી.આર.એસ. માટે અરજી કરેલ અને તેના અનુસંધાને સામાવાળા કંપની ધ્વારા તેનું વી.આર.એસ. સ્વીકારવામાં આવેલું તે અનુસંધાને અરજદારને પગાર ચુકવવામાં આવેલો કે જે તેણે સ્વીકારેલો ત્યારબાદ અરજદાર ધ્વારા ઉપરોકત રાજીનામુ ખાતાકીય કાર્યવાહીના ભય હેઠળ અપાવેલું તેવી તકરાર લીધેલ કે જે લેબર કોર્ટ ધ્વારા નકારવામાં આવેલ. ઉપરોકત ચુકાદાની હકીકતો અને હાલના કેસની હકીકતો જુદી–જુદી છે.

***૨૪. ૨૦૦૩(૧) એલ.એલ.એન. પાના નંબર : ૮૪, નામદાર બોમ્બે હાઈકોર્ટ***

***લફફાન્સ ઈન્ડિયા (પ્રાઈવેટ) લિમીટેડ <u>વિરૂઘ્ઘ</u> પંચમસિંઘ રાવત અને બીજાઓ.***

ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં અરજદાર ધ્વારા રાજીનામું આપ્યાના ૧૫ મહીના પછી ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ રેઈઝ કરેલ, જેથી કામદારની એવી રજુઆત કે બળજબરીથી રાજીનામું અપાવેલું તે માની ન શકાય અને લેબર કોર્ટના હુકમને સેટએસાઈડ કરવામાં આવેલો.

***૨૭. ૨૦૧૪ ફર્સ્ટ એલ.એલ.જે. પાના નંબર : ૮૨, નામદાર દિલ્હી હાઈકોર્ટ***
***શ્રી અશોકકુમાર ભિલવારીઆ <u>વિરૂઘ્ધ</u> યુનિયન ઓફ ઈન્ડીયા અને બીજાઓ.***

ઉપરોકત ચુકાદામાં ઓવો સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે અરજદારે રાજીનામું આપ્યા બાદ પ્રોવિડન્ડ ફંડ, ગ્રેજયુઈટી વિગેરે તમામ લાભો મેળવી લીધા બાદ તેઓ રાજીનામું પરત ખેંચે તો પ્રિન્સીપલ ઓફ એસ્ટોપલનો બાઘ નડે છે.

***૨૯. ૨૦૦૫ એલ.એલ.આર. પાના નંબર : ૨૭૫, નામદાર સુપ્રિમ કોર્ટ***
***કેન્દ્રિય વિદ્યાલય સંગઠન અને બીજાઓ <u>વિરૂઘ્ધ</u> એસ. સી. શર્મા.***

ઉપરોકત ચુકાદામાં એવો સિઘ્ધાંત પ્રસ્થાપિત કરલો છે કે, કામદારે બેકવેજીસ મેળવવા માટે તેઓ ગેઈનકુલ એમ્પલોઈ ન હતાં તેવું સાબિત કરવાનો બોજો કામદાર ઉપર છે.

***૩૦. ૨૦૧૯ ફોર્થ એલ.એલ.જે. પાના નંબર : ૩૧૩(એસ.સી.), નામદાર સુપ્રિમ કોર્ટ***
***જનરલ મેનેજર, ઈલેકટ્રીકલ રેન્ગાલી હાઈડ્રો ઈલેકટ્રીક પ્રોજેકટ, ઓરીસ્સા અને બીજાઓ <u>વિરૂઘ્ધ</u> શ્રી ગિરીઘારી સાહુ અને બીજાઓ.***

ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં એવો સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે અરજદારોએ વી.એસ.એસ. સ્કીમ અન્વયે તમામ મળવાપાત્ર લાભો ચેકથી મેળવી લીધા હોય અને ત્યારબાદ ઘણાં મહીના પછી આઈ.ડી. એકટની કલમ–૩૩(એ) અન્વયે તેઓને રેગ્યુલરાઈઝેશન કરવાના પેપર ઉપર સહી કરવાનું છે તેમ કહી વી.આર.એસ. ના પેપર ઉપર સહી કરાવેલ છે તેવી ફરીયાદ ટકવાપાત્ર નથી તેવું ઠરાવેલ છે.

(૧૬) આ કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજુ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ અને બંને પક્ષના વિ. વકીલશ્રીઓની દલીલો ઘ્યાને લેતાં આ રેફરન્સના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: <u>મુદ્દાઓ</u> ::

(૧) શું અરજદાર તરફે એવું સાબિત કરવામાં આવે છે કે તેઓને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલાં છે ?

(૨) શું અરજદાર પુન: સ્થાપિત થવાની કે પડેલા દિવસોના પગારની કે અન્ય કોઈપણ પ્રકારની દાદ મેળવવા હકકદાર બને છે ?

(૩) શું હુકમ ?

(૧૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

:: નિર્ણયો ::

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

(૧૮) **મુદ્દા નંબર (૧) થી (૩) :**

આ કામે મુદ્દા નંબર (૧) થી (૩) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતૂટ રીતે સંકળાયેલ હોઈ બીનજરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ ત્રણેય મુદ્દાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવે છે.

આ કામે અરજદાર સામાવાળા સંસ્થામાં કાયમી કામદાર તરીકે નોકરી કરતાં હતાં. અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર–માલિકનો સંબંધ હતો. અરજદારે સામાવાળા સંસ્થામાં આઈ. ડી. એકટની કલમ–૨૫(બી)(૧) મુજબ સતત અને સળંગ નોકરી કરેલ હતી તે તમામ હકીકતો નિર્વિવાદ છે એટલે કે તે અંગે કોઈ વિવાદ નથી.

આ તબકકે ફરીથી એ હકીકત ધ્યાને લેવાની રહે છે કે, વી.આર.એસ. સ્કીમની યોગ્યતા બાબતે હાલના અરજદાર ધ્વારા વી.આર.એસ. સ્કીમને ચેલેન્જ કરવામાં આવેલ નથી કે તેને કોઈ અદાલતમાં પડકારેલ નથી. આ ઉપરાંત અત્રેની અદાલતમાં જે ટર્મ્સ ઓફ રેફરન્સ ન્યાયનિર્ણય માટે મોકલેલ છે તે અનુસંધાને વી.આર.એસ. સ્કીમ કાયદેસર છે કે કેમ ? તેનો નિર્ણય કરવાની સત્તા નથી તેથી સ્કીમની કાયદેસરતા અંગે કોઈ નિર્ણય કરવાનો નથી. વધુમાં ઉપરોકત પ્રશ્ન ટર્મ્સ ઓફ રેફરન્સ અનુસંધાને આનુસાંગિક બાબત પણ માની શકાય નહીં.

આ તબકકે નામદાર મદ્રાસ હાઈકોર્ટનો ચુકાદામાં **N. Ethiraj v/s Management of Ganga Textile (Pvt.) Ltd., Coimbatore & anr.**

"The hon'ble High Court has held that the Labour Court while adjudicating the dispute pertaining as to whether the refusal of employment to workman was justified or not and whether the employee

himself has resigned his job or not, the Labour Court can go in to the incidental question that whether the employee voluntarily resigned the job or not and while doing so the Labour Court does not exceed its jurisdiction."

ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં કર્મચારીએ સ્વૈચ્છિક રાજીનામુ આપેલ છે કે નહીં ? તે બાબત ટર્મ્સ ઓફ રેફરન્સને આનુસાંગિક બાબત ગણાય અને તે અન્વયે હાલના વિવાદનો નિર્ણય કરવાનો રહે છે. આમ, હાલના અરજદારને ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓ વિરૂધ્ધ છુટા કરવામાં આવેલ છે કે કેમ ? તે અન્વયે ઉપરોકત ર્નિવિવાદીત હકીકતોને નજર સમક્ષ રાખી હાલના કેસમાં જે ઉપરોકત મુદ્દાઓ સંદર્ભે જે વિવાદીત બાબત છે તેની પડેલા પુરાવા આધારે ચર્ચા કરવાની થાય છે.

**૧૮.૧** આ કામે અરજદાર તરફે આંક–૧૦ થી રેફરન્સ કેસ નંબર : ૭૯૨/૨૦૧૦ માં પુનમભાઈની જુબાની આ કેસમાં ગણવાની તેવી પુરસીસથી જાહેરાત કરેલ છે અને રેફરન્સ કેસ નંબર : ૭૯૨/૨૦૧૦ માં રજુ થયેલ દસ્તાવેજોને અમારું પ્રોડકશન અને પુરાવો ગણવાનો છે, જે અનુસંધાને અરજદાર ધ્વારા રેફરન્સ કેસ નંબર : ૭૯૨/૨૦૧૦ ના કામે આંક–૧૫ થી રજુ કરેલ દસ્તાવેજોની સર્ટીફાઈડ નકલ ક્રમ નંબર (૧) થી (૩૨) પાના નંબર : ૧ થી ૯૭૬ ના દસ્તાવેજો આ કામમાં રજુ કરેલ છે અને આંક–૧૮ થી પુનમભાઈ આશાભાઈ વાઘેલાની સોગંદ ઉપરની જુબાની અને ઉલટ તપાસ રજુ કરેલ છે અને નિ. ૧૮/૨ થી હરેશભાઈ રમણભાઈ દેસાઈની જુબાની રજુ કરેલ છે. નિ. ૧૮/૫ થી અરજદાર ધ્વારા કંપનીને વી.આર.એસ. અરજીના નિર્ણય અન્વયેનો રીમાઈન્ડરનો પત્ર આર.પી.એ.ડી. થી તારીખ વગરનો પત્ર પણ રજુ કરેલ છે.

**૧૮.૨** આ કામે અરજદાર તરફે પુનમભાઈ આશાભાઈ વાઘેલાની જુબાનીને હાલના કેસમાં ગણી લેવા રજુઆત કરેલ છે જે અન્વયે સામાવાળા પક્ષે વાંધો લીધેલ છે. ત્યારબાદ અરજદાર ધ્વારા પુનમભાઈ આશાભાઈ વાઘેલાની રેફરન્સ કેસ નંબર : ૭૯૨/૨૦૧૦ માં જે સોગંદ ઉપર જુબાની આપેલ છે તેવી જુબાની હાલના કેસમાં આંક–૨૦ થી પાવર ઓફ એટર્નીથી સોગંદ ઉપર પુરાવો રજુ કરેલ. આ કામે અરજદાર ધ્વારા તમામ કુલ–૪૬૪ કેસોમાં પુનમભાઈની પાવર ઓફ એટર્નીથી સોગંદ ઉપર પુરાવો રજુ કરેલો, જે અન્વયે સામાવાળા પક્ષે વાંધો લેતાં અત્રેની અદાલત ધ્વારા તારીખ : ૧૬/૦૩/૨૦૧૮ ના રોજ "Therefore who has got personal knowledge of this matter is allow, subject to his personal knowledge and subject to cross examination of other side." મુજબ હુકમ કરેલો. ત્યારબાદ રેફરન્સ કેસ નંબર : ૧૧૧૭/૨૦૧૦ માં અરજદાર ધ્વારા પુનભાઈ

આશાભાઈ વાઘેલાની ઉલટ તપાસ તમામ કેસોમાં સમાન રીતે ગણવા માટે અરજી આપતા અત્રેની અદાલત ધ્વારા તારીખ : ૩૧/૧૨/૨૦૧૮ ના હુકમથી તમામ કેસોમાં અલગ સોગંદનામું રજુ કરેલ હોઈ તેથી સમાન ઉલટ તપાસ ગણી શકાય નહીં તેવો હુકમ કરેલો, જે હુકમથી નારાજ થઈને અરજદાર ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટમાં ઈન્ટ્રીમ એપ્લિકેશન દાખલ કરતાં ઉપરોકત તારીખ : ૩૧/૧૨/૨૦૧૮ ના હુકમને કોઈ ઈન્ટરફિયર કરેલ નથી અને ત્યારબાદ અરજદાર ધ્વારા જે કેસોમાં પુનમભાઈએ પાવર ઓફ એટર્ની તરીકે જુબાની આપેલી જેમાં ઘણી બધી જુબાની ડિસ્કાર્ડ થયેલ અને જે ડિસ્કાર્ડ થયેલ ન હતી તેને અરજદારે નોટપ્રેસ કરી અરજદાર ધ્વારા વ્યકિતગત પુરાવો આપેલો.

**૧૮.૩** આ કામે અરજદાર ધ્વારા રેફરન્સ કેસ નંબર : ૭૯૨/૨૦૧૦ માં પુનમભાઈની જુબાની અને અન્ય મૌખિક પુરાવો હાલના કેસમાં ગણી લેવા માટે રજુઆત કરેલ છે પરંતું હાલનો કેસ અને પુનમભાઈનો કેસ અલગ છે. હાલનો કેસ અરજદારે તેની વ્યકિતગત કેપેસિટીમાં કરેલ છે અને જયારે કોઈપણ સોગંદનામું રજુ કરવામાં આવે પરંતું તેની ઉલટ તપાસ કરવામાં ન આવે તો તે સોગંદનામાનું કોઈ પુરાવાકીય મુલ્ય રહેતું નથી. જેથી આ કામે પુનમભાઈની જુબાની કે અન્ય મૌખિક પુરાવો હાલના કેસમાં ગણી શકાય નહીં.

**૧૮.૪** આ કામે અરજદાર ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટના તારીખ : ૧૨/૦૭/૨૦૧૯ ના હુકમ બાદ દરેક કેસમાં વ્યકિતગત રીતે પુરાવો આપેલ છે, તેથી તે મુજબ વ્યકિતગત પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે. આ કામે એ હકીકત નોંધવાલાયક છે કે, અરજદાર ગુજરી જતાં અરજદારના વારસદાર તરફે આંક–૨૩ થી વારસો જોડવાની અરજી આપતા બંને પક્ષકારોને સાંભળીને વારસ જોડવાનો હુકમ કરેલો. જેથી ઉપરોકત હકીકતો સાબિત કરવા માટે અરજદાર તરફે ગુજરનારના વારસ જાદવ વિમળાબેન (પત્ની) આંક–૨૮ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે. અરજદાર એવો પુરાવો આપે છે કે, આ કામના સામાવાળા આઈ.પી.સી.એલ. તરીકે હતા ત્યારે વી.એસ.એસ. અને એસ.એસ.એસ. ની સ્કીમ તારીખ : ૦૬/૦૩/૨૦૦૭ ના રોજ પ્રસિધ્ધ કરેલી. જેનો સમયગાળો તારીખ : ૦૬/૦૩/૨૦૦૭ થી તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ નો રાખવામાં આવેલો. સામાવાળા કંપનીની મેનેજમેન્ટ વધારેમાં વધારે કર્મચારીઓ નિવૃત્તિ લે તેવું ઈચ્છતી હતી તેથી ધમકીનું વાતાવરણ ઉભુ કરેલું અને જો કર્મચારી આ સ્કીમમાં નિવૃત્તિ નહીં લે તો જામનગર બદલી કરવાની કે નોકરીમાં છુટા કરવાની ધમકી કંપની તેમાં અધિકારીઓ મારફત આપતી હતી. તેથી ગભરાઈને અને દબાણ હેઠળ તથા ઈતર કર્મચારીઓએ આ સ્કીમમાં નિવૃત્તિ

માટે અરજી કરેલી. વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, તેઓ તથા ઈતરના કર્મચારીઓ તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ની રાત્રે કંપની અધિકારીઓને મળીને તેઓએ નિવૃત્તિ માટે આપેલી અરજી પરત આપવા માટે માંગણી કરેલી. પરંતું બધી આવી અરજીઓ કોમ્પ્યુટરમાં લોક થઈ ગયેલી છે તેવું જણાવીને બીજા દિવસે આવી આપેલી અરજીઓ લેખિતમાં અરજી આપી પરત ખેંચવા જણાવેલું. તેથી તેઓ તથા ઈતરના કર્મચારીઓએ તારીખ : ૨૧–૨૨/૦૩/૨૦૦૭ ના રોજ લેખિતમાં વી.એસ.એસ. / વી.આર.એસ. ની અરજીઓ પરત ખેંચી તેઓને સ્કીમ હેઠળ નિવૃત્તિ જોઈતી નથી અને આપેલ અરજીઓ પરત ખેંચતા હોવાનું જણાવેલ. આ અરજીઓનો નિર્ણય પેન્ડીંગ હતો તેમ છતાં તેઓને તથા ઈતર કર્મચારીઓને નિવૃત્ત કરી લઈ રીલીવ કરી દીધેલા છે, જે ગેરકાયદેસર છે તેથી હાલની અરજી બેકવેજીસ સાથે નોકરીમાં તમામ લાભો સાથે પરત લેવા ગુજારેલ છે. આ કામે દરેક કર્મચારીએ પોત–પોતાના કેસમાં દસ્તાવેજોની સર્ટીફાઈડ નકલો મુકેલ છે. વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, તેઓને નોકરીમાંથી છુટા કર્યા બાદ આજદીન સુધી કોઈ પ્રકારની નોકરી મળેલ નથી અને તેઓ બેકાર છે.

૧૮.૫ સદરહું સાહેદની સામાવાળા કંપનીના વિ. વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો એવી હકીકત જણાવે છે કે, આંક–૨૮ ના સોગંદનામામાં શું લખેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, આંક–૨૮ ના સોગંદનામામાં જે પેનથી હકીકત લખેલી છે તે પાછળથી લખેલી છે. મારા પતિ રીલાયન્સમાં કેટલા વર્ષથી કાયમી નોકરી કરતા હતાં તેની મને ખબર નથી. મારા પતિએ વી.આર.એસ. ની અરજી કઈ તારીખે કરેલ તેની મને ખબર નથી. મારા પતિની વી.આર.એસ. ની અરજી કઈ તારીખે સ્વીકારાયેલ તેની મને ખબર નથી. મારા પતિએ વી.આર.એસ. ની અરજી કયા સંજોગોમાં કરેલી તેની મને ખબર નથી. મારા પતિના ખાતામાં વી.આર.એસ. ના નાણાં કેટલાં જમા થયેલાં તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારા પતિએ વી.આર.એસ. ના નાણાં જમા થયેલાં તે પરત આપવા માટે ચેક બનાવીને કંપની સાથે કોઈ પત્ર વ્યવહાર કરેલ કે કેમ ? તેની મને ખબર નથી. મને આંક–૪ નું માંગણાંનું નિવેદન બતાવવામાં આવે છે, તેમાં કોની સહી છે તેની મને ખબર નથી અને સહી જોઈને કહું છું કે, તે મારા પતિની નથી. મેં વારસદાર તરીકે જોડાવા આંક–૨૩ થી તારીખ : ૨૯/૦૩/૨૦૧૭ ના રોજ અરજી કરેલી. મારા મારા પતિએ કોઈને પાવર ઓફ એટર્ની આપેલ કે કેમ ? તેની મને ખબર નથી. મારા પતિ તારીખ : ૨૧/૦૮/૨૦૧૨ ના રોજ ગુજરી ગયેલ અને પાવર ઓફ એટર્નીનું આંક–૨૦ નું સોગંદનામું તારીખ : ૨૩/૦૨/૨૦૧૮ ના રોજ રજુ થયેલ છે. મારા પતિ સને :

૨૦૦૭ થી તેઓ ગુજરી ગયા ત્યાં સુધી તેઓ કોઈ કામગીરી કરતા ન હતાં. મારા પતિ સને : ૨૦૦૭ થી તેઓ ગુજરી ગયા ત્યાં સુધી નોકરી મેળવવા કોઈ લેખિત અરજી કરેલ નથી. મારા પતિએ વી.આર.એસ. પરત ખેંચવા માટે અરજી કરેલ કે કેમ ? તેની મને ખબર નથી. આ બદલીની ધમકી કે અન્ય કોઈ ધમકી બાબતે મારા પતિએ કોઈ જગ્યાએ પોલીસ કેસ કરેલ નથી. આંક–૧૩ ના દસ્તાવેજોમાં મારા પતિની સહી છે જે હું ઓળખી બતાવું છું.

(૧૯) આ કામે સમગ્રપણે પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે અરજદાર ગુજરી ગયેલ હોઈ તેથી તેઓને પુન: સ્થાપિત કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી પરંતું તેઓ અન્ય કોઈ આનુસાંગિક દાદ મેળવવા હકકદાર છે તે અન્વયે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, આ કામે ગુજરનારના વારસો તરફે તેમની પત્ની ધ્વારા આંક–૨૮ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે જે વંચાણે લેતાં મુખ્યત્વે એવું જણાવેલ છે કે, ગુજરનારને જામનગર મુકામે બદલી કરવાની ધમકીના કારણે તેઓએ વી.આર.એસ. ની અરજી કરેલી. તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ તેઓએ વી.આર.એસ. ની અરજી પરત ખેંચવા મૌખિક માંગણી કરેલ પરંતું અરજીઓ કોમ્પ્યુટરમાં લોક થઈ ગયેલ છે તેવું જણાવી બીજા દિવસે આપેલી અરજી લેખિતમાં પરત ખેંચવા જણાવેલ. તેથી તેઓ તથા ઈતરના કર્મચારીઓએ તારીખ : ૨૧–૨૨/૦૩/૨૦૦૭ ના રોજ લેખિતમાં અરજી પરત ખેંચેલ છે. આ અરજીનો નિર્ણય પેન્ડીંગ હતો તે દરમ્યાન તેઓને છુટા કરી દીધેલ છે.

૧૯.૧ આ કામે ઉપરોકત સોગંદનામાના અનુસંધાને સામાવાળા કંપની તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે આંક–૧૭/૩ થી હાલના અરજદારે વી.આર.એસ. ની અરજી આપેલ છે વધુમાં આ કામે વી.આર.એસ. ની અરજીના પેરા (૨) વંચાણે લેતાં, " I further state that I have taken the decision to opt for Voluntary Separation of my own free will and if my application is accepted, I will voluntarily separate from the service of the Corporation from such date as may be decided by the management." ઉપરોકત વી.આર.એસ. ની અરજી વંચાણે લેતાં તેમાં બે સાક્ષીની સહી છે. આમ, હાલના અરજદારે સ્વૈચ્છિક રીતે વી.એસ.એસ. સ્કીમમાં એપ્લાય કર્યાનું ફલીત થાય છે.

(૨૦) આ કામે અરજદારના વારસદાર ધ્વારા સ્વતંત્ર સોગંદ ઉપર એવી હકીકત જણાવેલ છે કે, વી.આર.એસ. સ્કીમ નહીં સ્વીકારે તો જામનગર ખાતે બદલી કરવામાં આવશે. પરંતું હાલના અરજદાર ધ્વારા તેઓને કોણે, કયારે અને કયા સંજોગોમાં જામનગર મુકામે બદલી કરવાની ધમકી

આપેલી તેવી હકીકત તેઓના સોગંદનામામાં જણાવેલ નથી. વધુમાં તેઓની જામનગર મુકામે બદલી કરવાની ધમકી આપી હોય તેવી કોઈ રજુઆત લેખિતમાં તેઓએ કોઈ જગ્યાએ કરેલ હોય કે કોઈ જગ્યાએ પોલિસ ફરીયાદ કરેલ હોય તેવો કોઈ પુરાવો હાલના કામે રજુ કરેલ નથી. વધુમાં સામાવાળા ધ્વારા કોઈપણ કર્મચારીની જામનગર મુકામે બદલી કરેલ હોય તેવું અરજદાર બતાવી શકેલ નથી.

**૨૦.૧** આ કામે અરજદારના સોગંદનામાથી ઉપર મુજબની તકરાર છે, જે અન્વયે આ કામે અરજદારના વારસદાર તરફે એવી રજુઆત કરેલ છે કે, તેઓએ તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ મૌખિક રીતે વી.આર.એસ. પરત ખેંચેલ. પરંતું આ કામે અરજદારે તેમના સોગંદનામામાં કયાંય પણ તેઓ કોની પાસે વી.આર.એસ. પરત ખેંચવા ગયેલાં, કયારે ગયેલાં, કેટલા વાગ્યે ગયેલાં અને કયા કર્મચારીને મળેલાં તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આ કામે સૌ પ્રથમ તો તારીખ : ૦૬/૦૩/૨૦૦૭ ની સ્કીમનો સરકયુલર રજુ થયેલ છે, જે વંચાણે લેતાં તારીખ : ૦૬/૦૩/૨૦૦૭ ના રોજ સ્કીમ અમલમાં મુકાયેલી. જે સ્કીમના પેરા (૬) વંચાણે લેવામાં આવે તો,

**6.** Period of operation of the scheme

The scheme remains open upto 20th March, 2007.

આ કામે જે વી.આર.એસ. સ્કીમ એપ્લાય કરેલ છે તે સ્કીમના કલોઝ (૬) પ્રમાણે ઉપરોકત સ્કીમ ૨૦ તારીખ સુધી અમલમાં હતી. જેથી જયારે સ્કીમ મેળવવા માટે લેખિત અરજી કરવાની હોય તેવી જ રીતે પરત ખેંચવા માટે પણ લેખિત અરજી કરવી પડે. તેથી અરજદારના વારસદારની એવી રજુઆત કે તારીખ : ૨૦/૦૩/૨૦૦૭ ના રોજ મૌખિક રીતે વી.આર.એસ. પરત ખેંચેલ તે ગ્રાહય રાખવાપાત્ર જણાતું નથી.

**(૨૧)** વધુમાં આ કામે અરજદારના વારસદારની ઉલટ તપાસનું મુલ્યાંકન કરવામા આવે તો, ગુજરનારના વારસને તેમને વી.આર.એસ. અન્વયે કેટલાં રૂપિયા મળેલાં, કેવા સંજોગોમાં અરજી કરેલી, કોઈ પત્ર વ્યવહાર કર્યો હોય તેની તેઓને ખબર નથી. વધુમાં તેઓના પતિએ અરજી પરત ખેંચી હોય તેની તેઓને ખબર નથી. વધુમાં આંક–૨૮ ના સોગંદનામામાં શું લખેલ છે તેની મને ખબર નથી એટલે કે હાલના સોગંદનામાની વિગતો પણ અરજદાર ધ્વારા સાબિત કરવામાં આવેલ નથી. આ કામે અરજદારના વારસદારો ધ્વારા તેઓના સોગંદનામામાં તેઓએ કોણે, કયારે, કઈ જગ્યાએ જામનગર મુકામે બદલી કરવાની ધમકી આપેલી તેવું દર્શાવેલ નથી. વધુમાં તેઓની ઉલટ તપાસ વંચાણે લેતાં તેઓએ કોઈ પોલિસ કેસ કે કોઈ ફરીયાદ કરેલ હોય તેવી

હકીકત પણ ફલીત થતી નથી. તેથી અરજદારના વારસદારની જામનગર મુકામે બદલી કરવાના છે તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી તે હકીકત ધ્યાને લેતાં અરજદારે સ્વૈચ્છિક રીતે વી.આર.એસ. લીધેલ હોવાનું ફલીત થાય છે. વધુમાં આ કામે એ હકીકત નોંધવાલાયક છે કે હાલના અરજદાર રેફરન્સ રીફર કર્યા બાદ ગુજરી ગયેલાં અને વારસદાર ધ્વારા જાતે જ માંગણાંના નિવેદનમાં સહી કરી રજુ કરેલ છે તેથી વારસદાર તરીકે જોડાયા પહેલાં જ માંગણાંનું નિવેદન રજુ કરી દીધેલ હોય તેથી માંગણાંના નિવેદનની હકીકતો પણ સાબિત માની શકાય નહીં.

(૨૨) આ કામે ગુજરનારના વારસદાર ધ્વારા જે સોગંદનામું કરવામાં આવેલ છે તે વાંચાણે લેવામાં આવે તો તેઓએ તારીખ : ૨૧–૨૨/૦૩/૨૦૦૭ ના રોજ વી.આર.એસ. ની અરજી લેખિતમાં પરત ખેંચેલી એટલે કે આ કામે ઉપરોકત સોગંદનામું વંચાણે લેતાં કઈ તારીખે અરજી પરત ખેંચેલ છે તે સ્પષ્ટ દર્શાવેલ નથી. વધુમાં તેઓની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારે છે કે, આ અરજી પરત ખેંચેલ હોય તેની મને ખબર નથી. આ કામે અરજદાર ધ્વારા આંક–૧૮/૫ થી એક રીમાઈન્ડરનો પત્ર રજુ કરેલ છે જે તેઓએ ૨૧/૦૩/૨૦૦૭ ના રોજ વી.આર.એસ. પરત ખેંચવાની અરજી પર્સોનલ ઓફીસમાં આપી છે અને કયા કારણસર વી.આર.એસ. પાછું ખેંચવાની મારી અરજી સ્વીકારી નથી તેનો ખુલાસો તાત્કાલિક આપવા મહેરબાની કરશોજી. આ કામે અરજદાર ધ્વારા ઉપરોકત પત્ર આર.પી.એ.ડી. થી મોકલેલ છે પરંતું ઉપરોકત પત્રમાં કોઈ તારીખ દર્શાવેલ નથી. વધુમાં આ તમામ કર્મચારી ધ્વારા આવા પત્રો જુન–જુલાઈ, ૨૦૦૭ ના કંપનીને મોકલવામાં આવેલ છે. વધુમાં ઉપરોકત રીમાઈન્ડરના પત્ર સાથે અરજદારે તારીખ : ૨૧/૦૩/૨૦૦૭ ના રોજ જે વી.આર.એસ. પરત ખેંચતી જે અરજી આપેલી તેની કોઈ નકલ જોડેલ નથી એટલે કે તારીખ : ૨૧/૦૩/૨૦૦૭ ના રોજ હાલના અરજદારે અરજી પરત ખેંચેલ હોત તો તેનો પુરાવો રજુ કરી શકયા હોત. વધુમાં જો તેઓની અરજી તારીખ : ૨૧/૦૩/૨૦૦૭ ના રોજ સ્વીકારેલ ન હોય અને તેઓએ કંપની સાથે કોઈ પત્રવ્યવહાર કરેલ હોય તેવો પણ કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. તેથી હાલના અરજદારે તારીખ : ૨૧/૦૩/૨૦૦૭ ના રોજ અરજી પરત ખેંચી હોય તેવું કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવાથી સાબિત થતું નથી. વધુમાં અરજદાર વતી તારીખ : ૨૯/૦૯/૨૦૦૭ નો પત્ર પુનમભાઈએ લખેલ છે જે મુજબ તેઓએ વી.આર.એસ. ની રકમ વાંધા સાથે સ્વીકારેલ છે અને પરત આપવા તૈયાર છે પરંતું ઉપરોકત પત્ર ૬ મહીના બાદ લખેલા છે એટલે કે પાછળથી તકરાર ઉભી કરેલાનું જણાય છે.

આમ, હાલના અરજદારે વી.આર.એસ. ના લાભો મેળવ્યા બાદ આશરે ૩–૪ મહીના પછી વાંધો ઉઠાવેલ છે. વધુમાં પી.એફ., ગ્રેજયુઈટ અને બોનસની રકમ મેળવેલ છે. વધુમાં સામાવાળા ઘ્વારા પી.એફ., ગ્રેજયુઈટીના ફોર્મ પણ ભરેલ છે અને વધારાની એકસ–ગ્રેસિયા (વધારાની) રૂા. ૧.૫૦ લાખની રકમ પણ મેળવી લીધેલ છે. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ***૨૦૦૫(૧૦૪) એફ.એલ.આર. પાના નંબર : ૪૦૯, નામદાર સુપ્રિમ કોર્ટ, બેંક ઓફ ઈન્ડિયા અને બીજા વિરૂઘ્ધ પાલ રામ ધનિયા*** ના ચુકાદામાં એવું સ્થાપિત કરેલ છે કે, જયારે કોઈ કામદાર સ્વૈચ્છિક રાજીનામું સ્વીકારે અને ત્યારપછી રાજીનામું પરત ખેંચે પરંતું સ્વૈચ્છિક રાજીનામા અન્વયેના તમામ લાભો મેળવી લે તો તે રાજીનામું પરત ખેંચવા માટે હકકદાર નથી. ઉપરોકત ચુકાદો હાલના કેસમાં સંપૂર્ણર્પણે લાગુ પડે છે અને હાલના અરજદારે પણ વી.આર.એસ. સ્કીમ અન્વયેના તમામ લાભો મેળવી લીધેલાં છે અને તે આજદીન સુધી જમા કરાવેલાં નથી. આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ***૨૦૦૬ એલ.એલ.આર. પાના નંબર : ૯૫૪, નામદાર સુપ્રિમ કોર્ટ, જ્ઞાનેન્દ્ર સહાય વિરૂઘ્ધ મેસર્સ ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની લિમીટેડ*** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, અરજદાર ઘ્વારા સ્વૈચ્છિક રાજીનામાનો પત્ર લખેલ હોય અને જે સામાવાળા ઘ્વારા સ્વીકારવામાં આવેલ હોય અને તેના અનુસંધાને તમામ ફુલ એન્ડ ફાઈનલ રકમ અને એકસગ્રેસીયા (વધારાની રકમ) ની માંગણી કરેલ હોય અને તે પણ ચુકવી દીધેલ હોય અને તે રકમ મેળવ્યા બાદ ૪૮ દિવસના વિલંબ બાદ બળજબરીથી રાજીનામું અપાવેલું તેમ જણાવી રાજીનામું પાછી ખેંચવાની અરજી કોઈપણ જાતના સમર્થનકારી પુરાવા વગર ચાલવાપાત્ર નથી. ઉપરોકત ચુકાદાની હકીકતો પણ હાલના કેસને લાગુ પડે છે.

(૨૩) આમ આ કામે અરજદાર તરફે રજુ થયેલ સમગ્ર દસ્તાવેજો અને મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતાં હાલના અરજદારે સ્વૈચ્છાપૂર્વક રાજીનામુ આપેલાનું ફલીત થાય છે અને ત્યારબાદ ત્રણ મહીના પછી હાલની તકરાર ઉભી કરેલ છે. આ કામે અરજદાર તરફે વી.આર.એસ. અન્વયે જે લાભ મેળવેલ છે તે આજદીન સુધી સામાવાળા સંસ્થાને પરત કરેલ નથી અને હાલ પણ વી.આર.એસ. અન્વયેના લાભો મેળવી રહયા છે. આમ હાલના અરજદાર તેઓને ઔદ્યોગિક વિવાદની જોગવાઈનો ભંગ કરીને તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલાનું સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નંબર (૧) નો જવાબ ''નકારમાં'' આપવામાં આવે છે અને તે સંજોગોમાં અરજદાર કોઈપણ પ્રકારની દાદ મેળવવા હકકદાર થતાં ના હોઈ તેથી

મુદ્દા નંબર (૨) નો જવાબ પણ ''નકારમાં'' આપવામાં આવે છે અને મુદ્દા નંબર (૩) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **આ ખ રી  હુ ક મ** //

(૧) અરજદાર કામદારનો રેફરન્સ આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(જાવેદભાઈ દાઉદભાઈ સિંધી)**
**જજ કોડ નંબર : જી.જે.૦૮૮૦**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ નંબર (૧), વડોદરા.**

**તારીખ : ૩૧/૧૨/૨૦૧૯**
**સ્થળ : વડોદરા.**